# તારક જિનાજ્ઞા

સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
ન્યાયવિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અને તેઓશ્રીના પટ્ટધર
પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યાત્મવાણી પ્રસરાવતું માસિક પત્ર

વર્ષ-૧૬ ✡ વિ.સં. ૨૦૭૨ ❖ માહ ❖ તારીખ : ૧-૩-૨૦૧૬ ❖ અંક-૪


## 'જે ઘડી જાય પ્રભુના ધ્યાનમાં, ધન ધન ભવી ! માનો'


સંઘહિતચિંતક પૂજ્ય આચાર્ય
શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ


માનવ જીવન મળ્યું છે તો એને એમ ને એમ વેડફી ન નાંખો. ગયેલી ક્ષણ પાછી નથી આવતી. ઈન્દ્ર ઈન્દ્રપણાની પોતાની સમસ્ત ઠકુરાઈ-વૈભવ બદલામાં આપી દેવા તૈયાર હોય; તો ય આયુષ્યની વીતેલી એક ક્ષણ પણ પાછી વાળવા કોઈ સમર્થ નથી. શું સમજ્યા ? મોટા ઈન્દ્રનેય ભોગવાઈ ચૂકેલું એક ક્ષણનું પણ આયુષ્ય પાછું ન ફરે. તો તમારે પાછું ફરે ? બધી ય સંપત્તિ આપી દો તો પણ પાછું ફરે ? ના, તો શું જોઈને આવા ભોગવાતા આયુષ્યમાં પ્રમાદ સેવી રહ્યા છો ? શા સારું ગફલતમાં રહ્યાં છો ? અરે ! સંપૂર્ણ ધર્મ સાધનામાં નહિ, તો પણ કમમાં કમ પ્રભુના ધ્યાનમાં તો આયુષ્યકાળ પસાર કરી શકાય ને !

પ્ર.- પ્રભુના ધ્યાનમાં ચિત્ત લગાવીએ તો પછી સંસારનાં કામ શી રીતે બજાવાય ? એ બજાવવા મન તો એમાં પરોવવું પડે ને ? એ પરોવતાં જિનનું ધ્યાન ક્યાં રહે ?

**પ્રભુનાં વચનનું ધ્યાન, ચિંતન, સ્મરણ; એ પણ પ્રભુનું ધ્યાન છે, એમ ષોડશકશાસ્ત્ર કહે છે,-**

'अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।'

અર્થાત્ જો આ જિનવચન હૃદયમાં રમતાં રહે, તો એ ખરેખર જિનેન્દ્ર ભગવાન જ હૃદયસ્થ છે તાત્પર્ય,

જિનાજ્ઞાનું ધ્યાન એ જિનનું ધ્યાન છે;
જિનાજ્ઞાનું ચિંતન એ જિનનું ચિંતન છે.
જિનાજ્ઞા પર બહુમાન એ જિનનું બહુમાન છે.
જિનાજ્ઞાની શ્રદ્ધા એ જિનની શ્રદ્ધા છે.

**સાંસારિક કામ વખતે જિનનું ધ્યાન રાખવાની કારીગરી :-**

આ પરથી સમજી શકાશે કે જિનની આજ્ઞાનું ધ્યાન કરીએ એ જિનનું જ ધ્યાન છે, પ્રભુનું જ ધ્યાન છે. હવે સંસારના કામકાજ વખતે પણ જો એમાં જિનાજ્ઞાની ખતવણી કરો, જિનાજ્ઞાનો સંબંધ યાદ કરો, તો ત્યાં જિનનું ધ્યાન આવ્યું ગણાશે. દા.ત.

બાઈ રસોઈ કરતાં મનમાં આ ખ્યાલ કરે કે 'આ ચૂલો-આગ-રસોઈ વગેરે આરંભ-સમારંભનાં કામ છે; જિનેશ્વર ભગવાન એને આશ્રવ કહે છે, અને એમાં જેટલી જીવરક્ષા વગેરેની કાળજી રાખી, જયણા રાખી એટલી સંવરસાધના છે. માટે આ જયણાનો ખપ કરું.'

એમ, પુરુષ વેપાર કરતાં ખ્યાલ કરે કે 'આ કાંઈ ધર્મ વ્યાપાર નથી; આ તો પાપવ્યાપાર છે. પણ એમાં જેટલું અસત્ય-અનીતિ-હિંસા વગેરેથી બચાય એટલી જયણા થઈ; ને એ સંવરસાધના છે. માટે એનો ખપ કરું.' તો ત્યાં સંસારી કામ વખતે જિનાજ્ઞાનો ખ્યાલ કર્યો; ને જિનવચનનું ધ્યાન એ જિનનું ધ્યાન છે, પ્રભુનું ધ્યાન છે, એ હિસાબે ત્યાં જિનનું ધ્યાન સલામત રહ્યું.

વાત આ, જે ઘડી જાયે પ્રભુના ધ્યાનમાં, ધન ધન ભવી ! માનો. આયુષ્ય નિરંતર ઢળી રહ્યું છે, એમાંથી એની જેટલી ક્ષણ

(અનુસંધાન પાના નં. ૫૪ ઉપર)

## તત્ત્વ સ્વરૂપ-ધર્મ સ્વરૂપ


સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્ય
શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ


कायेन मनसा वाचा, यत्कर्म कुरुते यदा ।
सावधानस्तदा तत्त्व-धर्मान्वेषी मुनिर्भवेत् ॥

યોગસાર શાસ્ત્રના 'ભાવશુદ્ધિ જનક' નામના ૫ માં પ્રસ્તાવે શાસ્ત્રકાર લખે છે : મુનિ જ્યારે મન-વચન-કાયાથી જે કોઈ કાર્ય કરે ત્યારે ઉપયોગપૂર્વક તત્ત્વ-ધર્મની તપાસ કરે.

અહીં તત્ત્વ અને ધર્મની તપાસ બતાવી છે.

અહીં સાવધાનપણું એટલે ખાલી ઉપયોગપણું નથી લેવાનું માટે 'ઉપયુક્ત' શબ્દ ન મુકતા 'સાવધાન'=સંપૂર્ણપણે કાળજીવાળો થાય. શેની કાળજીવાળો ? તો કહે છે : તત્ત્વ-ધર્મના અન્વેષણ-તપાસ-નિર્ણયમાં સાવધાન થાય. આ એક અર્થ છે.

બીજી રીતે કહીએ તો મન-વચન-કાયાની જે પ્રવૃત્તિ જ્યારે સાવધાનપણે મુનિ કરે છે ત્યારે તે તત્ત્વ-ધર્મનો અન્વેષી=તપાસ-નિર્ણય કરનાર થાય છે.

મન-વચન-કાયાએ પુણ્યનું-પાપનું કે ધર્મનું સાધન-કરણ છે. આ ત્રણ દ્વારા જ આત્મા કર્મબંધ કે કર્મનિર્જરા, આરાધના કે વિરાધના, સંસાર સર્જન કે સિદ્ધિ સર્જન કરતો હોય છે. દરેક સાધનનો વપરાશ અનેક રીતે નિયંત્રિત પણે-ઉચિતરૂપે થાય તો તે કાર્યકારક બને અન્યથા કાર્યનાશક બને. દા.ત. એક દાળ બનાવવામાં પણ કેટલી કાળજી રખાતી હોય છે. કાચી રહે તે ન ચાલે, ભાંગે-ઝારે નહીં તે ન ચાલે, મીઠું ન નાંખે-વધારે નાંખે-અતિ ઓછું નાંખે તે ય ન ચાલે, પાણી વધારે હોય કે ઘણું ઓછું હોય તો પણ ન ચાલે, મસાલો પણ માપસર જોઈએ. આછા મધ્યમ તાપે રાંધવી પડે. અતિ તાપ ન ચાલે, ધુમાડાની તાસવાળી થાય તો પણ કામ ન આવે, આ બધી સાવધાની રાખે તે સાવધાન કહેવાય. આ રીતે મન-વચન-કાયાની દરેક પ્રવૃત્તિમાં જે કાળજીવાળો થઈને કાર્ય કરે તે વાસ્તવિક કાર્ય જાણનાર-કરનાર હોય છે.

જે તત્ત્વ અન્વેષી હોય તે વાસ્તવિકતા-સુંદરતા-સત્યતા-વ્યવસ્થિતતા-ઉચિતતા વગેરે અને પ્રતિપક્ષનો પણ તપાસ કરનાર-જાણનાર-ગ્રહણ કરનાર-છોડનાર હોય.

ધર્મ અન્વેષી સ્વભાવ જાણનાર, ગુણનું અન્વેષણ કરનાર હોય. જે સાવધાન હોય તે તત્ત્વઅન્વેષી થાય-જે તત્ત્વાન્વેષી હોય તે ધર્મ અન્વેષી થાય. એટલે ગાથામાં એમ કહ્યું કે સાવધાનપણાથી મન-વચન-કાયાના કાર્યો જેના દ્વારા કરાય છે તે મુનિ તત્ત્વ-ધર્માન્વેષી બને.

આત્માના પરિણામોને જે કષાય-વિષય તરફ, અજ્ઞાન-મોહ-પ્રમાદ-બેકાળજી તરફ લઈ જાય, વધારે; તે અતત્ત્વ છે. આનાથી વિપરિત પરિણામોને જે ઉત્પન્ન કરે; તે તત્ત્વ છે.

(અનુસંધાન પાના નં. ૫૪ ઉપર)

(અનુસંધાન પાના નં. ૫૩ નું)

પ્રભુનાં પ્રભુવચનનાં ધ્યાનમાં ખરચાય એટલી એ લેખે લાગી, એટલે ધન્ય બની. એ ધન્ય બનાવવા માટે આ અનિત્યતાની ભાવના છે કે 'આયુષ્ય પવનની લહેરીના જેવું ચંચળ છે, જરાય સ્થિર નથી, પ્રતિપળ ઢળી રહ્યું છે.'

માટે હે આત્મન્ ! તું આની અંદર મૂઢ ન થા. મોહ ન પામ, મનને પ્રભુ ભક્તિમાં જોડી દે.

**પ્રભુ મળ્યા પર હૈયું ભરાઈ આવે આવા સ્નેહી ક્યાં મળે ? :**

આપણી પાસે હૈયું હોય તો એ હૈયું તો વારે વારે ભરાઈ આવે કે 'અહાહા ! ઘોર પાપ ભરેલી પૃથ્વી પર મને આ કેવા અનુપમ પ્રભુ મળ્યા ! માનવ દુનિયામાં જોઉં છું ત્યારે કેટલા માનવને આ મહાસ્નેહી મહાતારક પ્રભુ મળ્યા છે ! આજની નજર સામેની દુનિયામાં ૩૦૦ કરોડ માનવો. એમાંથી ૨૯૯ કરોડ બાદ; ૨૯૯ ક્રોડ માણસોને આ સ્નેહી આ તારક આ નાથ નથી મળ્યા. ત્યારે મને આ કેવા પ્રભુ મળ્યા ?' આમ વિચારતાં હૈયું ભરાઈ આવે. એવું 'ગણધર ગૌતમસ્વામી વગેરે..., આચાર્યો ભદ્રબાહુ સ્વામી, હરિભદ્ર સૂરિજી વગેરે...યાવત્ વર્તમાન ગુરુ મહારાજ વગેરે... કેવા મહાસ્નેહી, મહા કલ્યાણમિત્ર, મહા ઉપકારી મળ્યા !' એ વિચાર પર હૈયું ગદ્ગદ થાય. પછી વંદન વગેરે ક્રિયાઓ-સાધનાઓ માં દિલ રસ-તરબોળ બને. હૈયું હોય તો તીર્થંકર ભગવાન આદિનું આલંબન લેતાં હૈયું ભરાઈ આવે, આરાધનામાં જોમ આવે. સુલસાને હૈયું ભરાઈ આવતું, તો અબંડ પરિવ્રાજક એને પ્રભુનો સંદેશો કહેતાં એનામાં અજબ સંવેદન જુએ છે અને ચકિત થઈ જાય છે કે 'વાહ ! આનામાં કેવો પ્રભુરાગ ! કેવું સમ્યગ્દર્શન !' બોલો; વારેવારે હૈયું ભરાઈ આવવા માટે હૈયું છે ?

**પ્ર.- બધું સમજાય છે ખરું, પરંતુ જેમ દુનિયાના કાર્યોમાં બીજાનાં આલંબન લઈ આગળ વધાય છે એમ અહીં કેમ એવું આલંબન નથી લેવાતું ?**

ઉ.- પહેલાં એ કહોને કે વારેવારે પ્રભુને એ રીતે યાદ કરી હૈયું ભરાઈ આવે છે ? 'હું નાલાયક નરાધમ-લાખો દોષોથી ભરેલો અને મને આ પ્રભુ મળ્યા ? આ નાથ-આ સ્નેહી મળ્યા ? કેટલી બધી ઊંચી અને અતિ અતિ દુર્લભ પ્રાપ્તિ' આવું થયા કરે છે ? એના પર હૈયું ભરાઈ આવે છે ? એ થાય તો બધી શક્તિ બહાર કાઢીને પ્રભુના આલંબને સુંદર આરાધનાઓ હોંશથી થવા માંડે.

**પ્ર.- એવું પ્રભુ પર હૈયું શી રીતે ભરાઈ આવે ?**

ઉ.- તુલના કરવાથી, જોવાનું કે બીજાઓને જે રાગાદિથી મલિન દેવ-દેવી મળ્યા છે, યા નાસ્તિક જેવાને કે આપણને જે દુન્યવી સગા સ્નેહી મળ્યા છે, એમની તુલનામાં આપણને આ વીતરાગ સર્વજ્ઞ ખરેખરા પરમ દયાળુ કેવા કેટલાં ઊંચા દેવ, કેવા તારક, કેવા સ્નેહી મળ્યા છે ? આમ તુલનાથી જોઈએ તો પ્રભુ પર અને ઉપકારી ત્યાગી ગુરુ પર હૈયું ઓવારી જાય, હૈયું ભરાઈ આવે.

પરંતુ સંભવ છે કે આના માટે હૈયાને કોઈ ધક્કો લાગવાની જરૂર છે. ચાલુ રાબેતા મુજબનાં જીવનમાં અને ચાલુ હૃદયમાં એ ભરાઈ આવવાનું મુશ્કેલ છે. સંસારમાં જુઓ; સ્નેહી એકાએક મરી જાય કે દીકરાને અકસ્માત થાય, યા સામટી લાખ રૂપિયાની ખોટ આવે..., આવું કાંઈ બને તો હૈયાને ધક્કો લાગે છે, ને હૈયું ભરાઈ આવે છે. એવું આત્માને કોઈ મોટી ખોટ દેખાય, કોઈ અનુપમ તક ગઈ લાગે, કોઈ મહાપાપ થઈ જવા પર ભાન આવે, તો હૈયાને ધક્કો લાગે, હૈયું ભરાઈ આવે. ●

(અનુસંધાન પાના નં. ૫૩ નું)

નબળા પરિણામો એ ઔદયિક ભાવ છે; તે અધર્મ છે. શુદ્ધ-શુભ પરિણામો તે ક્ષયોપશમ-ઉપશમ-ક્ષાયિકભાવ છે; તે ધર્મ છે. કારણને તત્ત્વ-અતત્ત્વ કહેવાય, કાર્યને ધર્મ-અધર્મ કહેવાય.

અથવા સાવધાનપણું; જ્ઞાન-ગરજ અને આવડતથી હોય. જે કાર્ય કરવું છે તેનું જ્ઞાન-માહિતી હોવા જોઈએ, બીજા નંબરે તે કાર્ય કરવાની ગરજ હોવી જોઈએ અને ત્રીજા નંબરે કાર્ય કરવાની આવડત=કળા=પદ્ધતિ ખબર હોવી જોઈએ. આમાં આવડત; જ્ઞાન વગર નથી હોતી, એના વગર કામ ન થાય. તે રીતે જ્ઞાન વગર પણ આવડત હોવા છતાં કાર્ય ન થાય અને બન્ને હોવા છતાં ગરજ જ ન હોય તો બન્ને (જ્ઞાન-આવડત) હોવા છતાં વિશેષ ફળદાયક નથી બનતા. માટે ત્રણેય હોય ત્યારે સાવધાનપણું આવે છે અને તેના દ્વારા કાર્યસિદ્ધિ થાય છે.

સામાન્યથી બાહ્ય આચારોને ધર્મ કહેવાય છે. તેની સુક્ષ્મતા-ઉદ્દેશશુદ્ધિ-કાળજી-નિરતિચારતા-પરિપૂર્ણતા એ વિશેષધર્મ છે. તેનાથી આંતરિકગુણો-ક્ષાયોપશમ-નિશ્ચયની-સંસ્કારની પ્રાપ્તિ થાય છે.

**જેની અંદર વ્યવહારધર્મ આવે તેનામાં નિશ્ચયતત્ત્વને પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે.** તે કાલક્રમથી નિશ્ચયતત્ત્વ પામે છે.

જે નિશ્ચયતત્ત્વ પામે છે તે વ્યવહારધર્મ પર દૃઢ આદર-ભક્તિ-લાગણીવાળો હોય છે અને પ્રાયઃ કોઈ વિશિષ્ટ પ્રયોજને વ્યવહાર ન આચરી શકે ત્યાં ભાવથી વ્યવહાર-ધર્મવાળો હોય છે. તેથી સાવધાન મુનિ બન્ને ધર્મને જુવે છે-જાણે છે.

માટે મન-વચન-કાયાની સાવધાન ક્રિયા તે નિશ્ચય-વ્યવહાર ઉભય મુક્ત માર્ગ મુનિનો હોય. નિશ્ચય મોક્ષમાર્ગ ક્રિયા રહિત નથી અને વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય-રહિત નથી. માટે સાવધાન મુનિને તત્ત્વ-ધર્મ અન્વેષણ બતાવ્યું. ●

## સિદ્ધાંત દિવાકર એક પ્રગટ્યો તેજ સિતારો...

### ઘા : શરીરનો કે શરીર પર

જૈન ધર્મમાં વિરતિના બે પ્રકાર છે : (૧) દેશવિરતિ, (૨) સર્વવિરતિ.

સર્વવિરતિ પણ બે પ્રકારે છે :

(૧) નિરપેક્ષધર્મ (જિનકલ્પી વગેરે), (૨) સાપેક્ષધર્મ (સ્થવિરકલ્પી).

સાડા નવ પૂર્વી સાધુ પરિકર્મ કરીને ગુર્વાજ્ઞાપૂર્વક ગુરુકુલવાસનો ત્યાગ કરી તે કલ્પની વિધિ વિશેષથી એકાકી વિચરે.

'આંખમાં પડેલ કાંકરી કે ઘાસના તણખલાને પણ દૂર ન કરવું.' આના દ્વારા જ જિનકલ્પની કઠોરતા જ્ઞાત થઈ જાય છે. તથા-વિધ વિશિષ્ટ સંઘયણના વિચ્છેદે આ કલ્પ હાલમાં વિચ્છિન્ન છે.

જ્યારે ગુરુકુલવાસમાં રહીને, તેની મર્યાદામાં વર્તીને ગુર્વાજ્ઞાથી સંયમયાત્રા કરવી તે સ્થવિરકલ્પ.

જિનકલ્પ માત્ર ઉત્સર્ગમાર્ગી હોય છે. આમરણાંત કષ્ટમાં ય અપવાદનું આસેવન કરવાનું રહેતું નથી. જ્યારે સ્થવિરકલ્પ આત્મવિરાધના સમયે સંયમવિરાધનાને ગૌણ કરે છે. માટે જ સ્થવિરકલ્પનું બીજું નામ 'સાપેક્ષધર્મ' છે. જિનકલ્પ 'નિરપેક્ષધર્મ' તરીકે જૈનાગમમાં પ્રસિદ્ધ છે.

શરીરમાં આવેલ વ્યાધિને જિનકલ્પી માત્ર સહન કરે છે. તો સ્થવિરકલ્પી આગમોક્ત વિધિથી રોગનો પ્રતિકાર પણ કરે છે.

**આટલા માત્રથી 'જિનકલ્પ શુદ્ધ અને સ્થવિરકલ્પ ભેળસેળિયો' કલ્પી લેવાની જરૂર નથી. યથાશક્તિ કરાતી આરાધના જૈનદર્શનમાં 'શુદ્ધ' જ છે. અને તે દરેક આરાધનામાં મોક્ષ આપવાની તાકાત ધરબાયેલી જ છે.**

**અન્યથા સાધુધર્મ કરતાં શ્રાવકધર્મ અને યથાખ્યાતચારિત્ર ધર્મ કરતાં જિનકલ્પચારિત્ર ધર્મ ભેળસેળિયો માનવો પડશે !**

'શરીરને સંભાળવું પણ પંપાળવું નહીં' તેવી માન્યતાને માનતાં સાહેબ શરીરમાં આવતી નાની નાની વેદનાને કદી ગણકારતાં નહીં.

અને એ શરીર અવગણનાના પુણ્યે જ કદાચ આવી પડેલી નાની નાની આપદાઓએ મોટું સ્વરૂપ ધારણ નહીં કર્યું હોય !

સાહેબ ઘણી વાર કહે કે રીસાયેલા છોકરાને જેમ જેમ મનાવતાં જાવ તેમ તેમ તે વંઠતો જાય તેમ નાની નાની બાબતે વાંકા પડેલા શરીરને જેમ જેમ પંપાળતા જાવ તેમ તેમ તે વકરતું જાય !!!!

વાત આવી બની કે ત્યારે દાદાગુરુજી લગભગ ૪૫ ઠાણા સાથે સુરેન્દ્રનગરમાં બિરાજતાં હતાં.

'આ નવોદિત સાધુઓ તૈયાર થાય અને તેમને અભ્યાસ માટે સારું એકાન્ત મળી રહે' તે આશયે દાદાગુરુજીએ ઉંમરમાં યુવાન પણ વિચારમાં પ્રૌઢ એવા ૧૫ સાધુઓને ૪ કિ.મિ. દૂર વઢવાણ ગામે મોકલ્યા. જેમાં સાહેબજી પણ હતાં.

ક્યાંક જતાં આવતાં સાહેબને પગે જરાક ઠેસ વાગી. પણ સાહેબે તે તરફ નજર સુદ્ધાં ન નાખી.

જેમ જેમ દિવસો પસાર થતાં રહ્યા તેમ તેમ પગમાં કંઈક વધારે 'ખુંચતું' હોય તેવું લાગ્યું. છતાંય સાહેબે પગ તરફ જોવાની તસ્દી પણ ન લીધી.

અંતે ૧૫ માં દિવસે સાહેબને થયું 'જોઉં તો ખરો ! આ શું ખુંચ્યા કરે છે ?' જ્યાં ખુંચતું'તું ત્યાં જોયું. લાકડાની એક આંગળ જેટલી મોટી ફાંસ ઘૂસી ગઈ હતી. ઘણા દિવસ થઈ ગયા હોવાથી પરું પણ જામી ગયું હતું. ઈન્ફેક્શન થયું હતું.

સાહેબ તો પોતાની જાતના પોતે જ ડોક્ટર હતાં પછી ગામના ડોક્ટરને બોલાવાની કંઈ જરૂર જ ન હતી ! હાથથી તે ફાંસને હળવેથી ખેંચી લીધી. કપડાના ટૂકડાથી પરુ દબાવીને કાઢી દીધું ને બેસી ગયા પોતાના સ્વાધ્યાયમાં !

ન કોઈ ડેટોલ લગાવાના કે પાટાપીંડી કરવાના નુસખા ! આજે ય પગ પર નિશાન તરીકે રહી ગયેલું તે ચિહ્ન 'अवि अप्पणो वि देहम्मि, नायरंति ममाइयं' દશવૈકાલિકની પંક્તિને માત્ર સ્તોત્ર રૂપે જ નહિ કિન્તુ પ્રેરણાના સ્રોત રૂપે નિહાળવાની આપણને મૂક પ્રેરણા કરી રહ્યું છે.

: આલેખન :

પરમ પૂજ્ય મુનિશ્રી રત્નભાનુવિજયજી મહારાજ

# વૈરાગ્ય શતક

વાચનાદાતા : સિદ્ધાંત દિવાકર

**પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**સંકલન : પરમ પૂજ્ય મુનિરાજશ્રી સત્યકાંતવિજયજી મહારાજ**

શાસ્ત્રો જેને હેય કહે છે તેના ઉપર રાગ-મમતા-રુચિ-આનંદ થાય, સંપર્ક ગમે વગેરે જે થાય તે હેયત્વરુપ જાણે; પણ પરિણતિભાવ જો ઉપાદેયત્વરુપે હોય તો તે જીવની મિથ્યા પરિણતિ રુપ મુંઝવણ-મોહ છે.

જિનમત જાણવો એટલે જિનમતના અનુસારે આપણી પરિણતિ ઘડવી. અનાદિકાલીન સંસારી જીવોની જે પરિણતિ અને જ્ઞાન છે તે શ્રી જિનવચનાનુસારે મોહ-વ્યામોહ રુપ છે એટલે હેયમાં ઉપાદેય બુદ્ધિ કરે છે અને ઉપાદેયતામાં હેય બુદ્ધિ કરે છે.

શુદ્ધ આત્મા-આત્માના ગુણો-એના કારણરૂપ સંવર-નિર્જરા અને સંવર-નિર્જરાના કારણોમાં ઉપાદેયપણાની લાગણી એ બોધ-પરિણતિ આત્માને મોક્ષ પ્રાપક છે અને આ બધામાં હેયત્વ-ઉપેક્ષણીયત્વ-અસત્‌પણાની જીવની લાગણી-રુચિ એ મોહ છે.

એવી જ રીતે મોક્ષની રુચિ અને એને અનુકૂળ સાધનમાં જે વૃત્તિ, વર્તન વિપરીત છે, વિરોધી છે તેમાં જીવનું જે હેયત્વપણું એ બોધ છે એના બદલે ગુણકારિતાપણું લાગે-અનુભવાય તે મોહ છે.

જે આત્મા ધર્મભાવના વિમુખ છે તેનો બોધ= જ્ઞાનપરિણતિ મોહયુક્ત-ભ્રમરુપ છે. વાસ્તવમાં એ બોધ નથી-આને વિપરીત પરિણતિ કહેવાય.

જગતમાં ધર્મની સામગ્રી-સમજણ-રુચિ-સંયોગ અને પ્રવૃત્તિ અતિ અલ્પ જીવોને મળે છે. માટે એ બાહ્ય-અભ્યંતર સામગ્રી દુર્લભ છે. તેથી દુર્લભ સામગ્રીનો સદુપયોગ કરી લેવો એ પ્રધાન કર્તવ્ય છે.

બીજું હેયમાં જીવ વારંવાર પ્રવર્તે તો તેની હેયત્વ બુદ્ધિ નષ્ટ થાય અને એમાં ઉપાદેયત્વ બુદ્ધિ ઉત્પન્ન થાય. આ પણ જીવનો એક વ્યામોહ છે અને ઉપાદેય તત્ત્વની વિચારણા-એમાં પ્રવૃત્તિ-એનો સંપર્ક જેમ જેમ ઘટતો જાય તે પણ વ્યામોહ છે.

**વ્યામોહ ધર્મ સામગ્રીને દુર્લભ બનાવે છે.** બોધ એ જેમ વ્યામોહને ઘટાડે છે એમ વ્યામોહ બોધને ઘટાડે છે.

જીવનો બોધ મજબુત ન બને ત્યાં સુધી બોધની સામગ્રી-ચિંતન-અભ્યાસ-પરાવર્તન અને ધર્મક્રિયા એ પરિણતિ બોધને દઢ-દઢતર બનાવે છે અને આ બોધાનુકૂળ ચિંતનાદિ અને જ્ઞાનાચાર આદિ વ્યવહાર એ બોધની દઢતાનું પ્રધાન કારણ છે.

આનાથી વિપરીતબોધજનક-દઢત્વકારક જે ચિંતન-વ્રતપાલન વગેરે ક્રિયા ઉપર અરુચિ-ઉપેક્ષા-અનાદર-ગૌણત્વ કરણ એ સદ્‌બોધની પરિણતિનો હ્રાસ કરે છે. અને મોહ-મૂઢતાનો પક્ષ મજબુત બને છે.

મૂઢતા એ બોધ પ્રાપ્તિની સામગ્રીના અંતરાયભૂત કર્મ બંધાવે છે અને બોધની પરિણતિ ધર્મ સામગ્રી અનુકૂળ સંયોગો પ્રાપ્ત કરાવે છે તેમ ધર્મ સામગ્રી અને પરિણતિની પ્રવૃત્તિ અને રુચિને પ્રબળ બનાવે છે. સાથે સાથે મૂઢતાકારક અજ્ઞાન-અવિવેક-અસત્‌ લાગણીઓને ઘટાડે છે. જેના કારણે ભૌતિક વિશિષ્ટ સામગ્રી પણ મોહકારક ન બનતા વૈરાગ્ય પ્રેરક બને છે. જેમ પવન દાવાનળનો પ્રેરક છે, સામાન્ય અગ્નિને ઓલવનાર છે.

વિશેષ ભાવનાશીલ આત્માને પુણ્યજન્ય ભૌતિક સામગ્રી પણ ત્યાગ-સત્ત્વની પ્રેરક બને છે. તેના પ્રત્યે ઉપેક્ષણીયતા અને ઉદાસીનતાની કારક પણ બને છે. કારણ કે બોધ એ વૈરાગ્ય પરિણતિને તીવ્ર બનાવે છે; તેમ ભોગ સામગ્રી ઉગ્ર આપીને પણ એના ત્યાગના સત્ત્વને ઉગ્ર બનાવે છે.

માટે જગતમાં બીજા ભવથી ઉગ્ર બોધવાળા ઉગ્ર ભોગ સામગ્રીવાળા બહુધા હોય છે છતાં એ ઉગ્ર સત્ત્વથી અને તેના બોધની પ્રધાનતાથી ત્યાગવાળા પણ સાહજિક બને છે. માટે આ ઉપદેશ બોધની મંદતાવાળાને બોધ જાગ્રત કરવા-વધારવા માટે છે. અહીં બોધથી ઉગ્ર વૈરાગ્યજન્ય પરિણતિ એ ઉગ્ર બોધ સમજવો.

ઉગ્રવૈરાગ્ય ઉત્પન્ન કરવા આ બોધ મેળવવા ''एसा सामग्गी दुल्लहा'' સૂત્રની સાથે વૈરાગ્યશતકના જુદા જુદા શ્લોકો જુદા જુદા દષ્ટિકોણ આપે છે. તેને નજર સામે રાખવા.

दुलहो पुण जिणधम्मो तुमं पमायपरो सुहेसी य।
दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न जाणामो ॥९३॥

**ગાથાર્થ-જિનધર્મની ફરી પ્રાપ્તિ દુર્લભ છે. તું પ્રમાદી અને સુખનો અભિલાષી છે, નરકનું દુઃખ દુઃસહ છે. તારું શું થશે તે અમે જાણતા નથી. ॥૯૩॥**

*93. O Living being, You are indolent and seek pleasure. The agonies of hell are intolerable. We do not know what will happen to you in future.*

પૂર્વ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ ભરપૂર સામગ્રી અને સંયોગો વચ્ચે સાવધાન બની જે તેને સાર્થક બનાવવા માંગતો નથી તેવા જીવો પ્રત્યે ચિંતાતુર કરુણામૂર્તિ ગ્રંથકાર આ ગાથામાં કહે છે કે-

એકતરફ પરમાત્માનો ધર્મ દુર્લભ છે એટલે કે જેને અત્યંત મુશ્કેલીથી ક્યારેક જ પામી શકાય છે. બીજી બાજું તું પ્રમાદના આદરવાળો છે, પ્રમાદ તત્પર છે અને સુખનો-ભૌતિક અનુકૂળતાનો ઈચ્છુક છે આ બન્નેથી દુર્ગતિ અને નરકના દુઃખો પ્રાપ્ત થાય છે અને પામેલ ધર્મ નાશ પામે છે-નવેસરથી પામી શકાતો નથી. એવા પ્રમાદ અને અનુકૂળતાને આધીન હે જીવ ! તારું શું થશે ? તે ખબર પડતી નથી.

(ક્રમશઃ)

# જેલર

**લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી અભયશેખરસૂરિજી મહારાજ સાહેબ**

'એ તો પ્રભુના કર્મો ભારે હતા.'

'પ્રભુનાં કર્મો ભારે હતા. ને આપણે તો લઘુકર્મી ?'

કોઈ જ જાતની દલીલ વિના, ચૂં કે ચા કર્યા વિના ખૂબ જ શાંતિથી સજા ભોગવતો અને બીજી રીતે પણ ખૂબ જ સૌજન્યપૂર્ણ વ્યવહાર કરતો કેદી જેલરને કહે કે 'આ જેલમાં આવ્યા પછી મેં શું ગુનો કર્યો છે ? જેની તમે મને આટલી આટલી સજા કરો છો.' તો જેલર શું કહે ? એ જ ને કે જેલમાં આવ્યા પછી શાંતિ રાખે છે, ધન્યવાદ... પણ અહીં આવતા પૂર્વે તું જે કરી આવ્યો છે, એની તને સજા થઈ રહી છે.

આ વાત આપણા અહીંના દુઃખો માટે પણ સમાન નથી ? પ્રભુ મહાવીર માટે જે સમાધાન કરીએ છીએ કે પૂર્વજન્મના કર્મોની સજા હતી. એ આપણે આપણા માટે ન વિચારવું જોઈએ ? પછી ફરિયાદ શાની ? આ તો ભૂલવું ન જ જોઈએ કે સજા અપરાધની જ હોય છે. વર્તમાનના નહીં, તો પૂર્વના. ઘણાં વર્ષો પૂર્વે મેં એક સત્ય ઘટના કોઈક મેગેઝીનમાં વાંચેલી. જેવી યાદ છે એવી જણાવું.

ભારતમાં અંગ્રેજોના શાસનકાળની વાત છે. એક ન્યાયાધીશ ચુસ્ત બ્રાહ્મણ હતા. રોજ વહેલી સવારે ખુલ્લામાં મળશુદ્ધિ અર્થે એલીસબ્રીજ પાસે સાબરમતી નદીના ખુલ્લા પટમાં જતા. રોજિંદા ક્રમ મુજબ પોતે નદીએ ગયેલા. એ જ વખતે બ્રીજ પર એક આદમીની હત્યા થઈ. રોડલાઈટમાં હત્યારાને પણ પોતે બરાબર જોયો. યોગાનુયોગ આ હત્યાકેસ પોતાની જ કોર્ટમાં આવ્યો. પણ પોલીસે જેને આરોપીના પિંજરામાં ઊભો કરેલો એ કોઈ અન્ય જ આદમી હતો. એને જોતાં જ જજના મનમાં વિચાર આવી ગયેલો કે 'આ નિર્દોષ છૂટી જશે, કારણકે હત્યારો તો બીજો જ છે.'

પણ આશ્ચર્ય. પોલીસે રજુ કરેલા પુરાવાઓ, સાક્ષીઓની જુબાનીઓ અને ઉલટતપાસ દરમ્યાન ખુદ આરોપીના મુખમાંથી નીકળેલા શબ્દો...બધું જ 'આ આરોપી જ હત્યારો છે' એવા નિર્ણય તરફ દોરી જનાર હતું. જજ ભારે ગડમથલમાં. અંતઃકરણ કહે છે કે આ હત્યારો નથી, ને કોર્ટની કારવાહી કહે છે કે આ જ હત્યારો છે, સજાપાત્ર છે. છેવટે, આજકાલ કોર્ટમાં ન્યાય નથી તોલાતો, કાનુન તોલાય છે. ને કાનુની પ્રક્રિયા પ્રમાણે આ આરોપીને સજા ફરમાવવી પડે એવું હતું. નિર્દોષને ફાંસી ક્યાં આપવી ? એટલે પોતાના અંતઃકરણને પણ કંઈક આશ્વાસન મળે એ વિચારથી આરોપીને ફાંસીના બદલે જન્મટીપ સજા સુણાવી.

આરોપી હત્યારો હતો જ નહીં. એટલે એ જન્મટીપ પણ શાની સ્વીકારે ? એણે હાઈકોર્ટમાં અપીલ કરી. પણ આશ્ચર્ય. ત્યાં ચાલેલી કારવાહીથી હાઈકોર્ટના જજને થયું : આને જન્મટીપ શાની ? આને તો ફાંસી જ હોય. અને ફાંસી ઘોષિત થઈ. છેલ્લી (સુપ્રિમ કે પ્રિવીકાઉન્સીલ) કોર્ટમાં પણ ફાંસીને બહાલી મળી અને ફાંસીની તારીખ પણ નિશ્ચિત થઈ ગઈ. પેલા બ્રાહ્મણ ન્યાયાધીશને આ જાણીને ખૂબ જ ગડમથલ થઈ. 'ઈશ્વરના રાજમાં દેર છે, અંધેર નહીં.' આવી જડબેસલાક શ્રદ્ધાના પાયા હચમચવા લાગ્યા. છેવટે ફાંસીના આગલા દિવસે જેલમાં એ આરોપીની જ મુલાકાત લીધી. 'જો ભાઈ ! તારી કાલની ફાંસી નિશ્ચિત છે. તારા કેસ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયો છે. વળી હું તારી પાસે અત્યારે કોર્ટના જજ તરીકે નહીં, પણ એક જિજ્ઞાસુ તરીકે આવેલો છું. એટલે આપણે જે કાંઈ વાતો કરીશું એનું કોર્ટની-કેસની દૃષ્ટિએ કશું જ મૂલ્ય નથી, એ નિઃશંક જાણજે. તું પણ આ વાતમાં સંમત હોય અને તેથી જે સત્ય હકીકત હોય તે જણાવવા તૈયાર હોય તો હું કંઈક પૂછવા માંગુ છું, કારણકે મારા મનમાં ઘણી મૂંઝવણ પેદા થયેલી છે.'

'હું તમારી વાતમાં સંમત છું. અને આમે કાલે હવે મારે મરવાનું જ છે, તો અંતિમ ઘડીઓમાં હું જૂઠ નહીં જ બોલું એની ખાતરી રાખજો. ને એટલે હવે જે પૂછવું હોય તે પૂછો.' આમ કેદીએ કહ્યું એટલે જજે 'પોતાની નજર સામે આ હત્યા થઈ છે.' વગેરે બધી વાત કરી. 'આ હત્યા કેસમાં તું હત્યારો નથી એવું મારી આંખો કહે છે એ સાચું છે ?'

'હા નામદાર ! એ બિલકુલ સાચું છે. હું આ કેસમાં બિલકુલ નિર્દોષ છું.'

'તો પછી કોર્ટ કારવાહી દ્વારા તું દોષિત કેમ ઠર્યો ? તારા ખુદના કેટલાક શબ્દો એવા કેમ નીકળ્યા જે તને ખૂની ઠેરવે ? મેં કંઈક સહાનુભૂતિથી કરેલી જન્મટીપ ફાંસીમાં કેમ ફેરવાઈ ગઈ ? આ અંગે તું કંઈક કહી શકે ?'

આંખમાં ઝળઝળિયાં સાથે કેદીએ કહ્યું : નામદાર ! હવે જિંદગીની અંતિમ ઘડીઓમાં જુઠ નથી બોલવું. પાપ નથી છૂપાવવું. ઘણા વર્ષો પૂર્વે એક હત્યા કરીને હું આબાદ નિર્દોષ છૂટી ગયેલો. મને લાગે છે કે એની સજા હાલ મને થઈ રહી છે.' અને ન્યાયાધીશની શ્રદ્ધા વધારે સ્થિર થઈ ગઈ.

વાત આ છે, વર્તમાનમાં આપણી જાત ગમે એટલી નિર્દોષ ભાસતી હોય, પણ જો સજા થઈ રહી છે, તો આપણો ગુનો હોવો જ જોઈએ. વર્તમાનનો નહીં, તો અતીતનો. પણ સજા, વિના અપરાધ હોતી નથી. ને સજા જો આપણા જ અપરાધની છે, તો એનો અમલ કરનાર જેલર જ હોઈ શકે, ને એ જો જેલર જ છે, તો મારે એને દુષ્ટ મનાય નહીં. એનો બદલો લેવાનો વિચાર પણ કરાય નહીં. **(ક્રમશઃ)**

# યોગસંગ્રહ વાચનાઓ : આલોચના - વાચના તૃતીય


વાચનાદાતા : પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ

રજૂઆત : પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબ


**(શ્રી શ્રમણસૂત્ર કે જેના સ્થાને શ્રાવકો વંદિતુ સૂત્ર બોલે છે, એ શ્રમણસૂત્રમાં 'બત્તિસાએ જોગસંગહેહિં' પદ છે. આ બત્રીશ યોગ સંગ્રહો પર શ્રી આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં સંક્ષેપ નામ સહિત વિવરણ છે. આ યોગસંગ્રહો પર પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ વિવિધ સ્થળો પર આપેલી વાચનાઓ વિવિધ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોએ નોંધી હતી. હવે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ પીરસેલા એ વિવિધ મુદ્દાઓ પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબની કલમે રજૂઆત પામી રહ્યા છે... - તંત્રીશ્રી)**

## યોગસંગ્રહ-વાચના - ૩

આલોચના દરેક બાબતમાં ઊંડાણમાં લઈ જવા દ્વારા શુદ્ધિનું કારણ બને છે. સમ્યગ્ વિચારણા નીચેના ભાવોમાંથી ઉપરના ભાવોમાં લઈ જાય છે ને અશુદ્ધ વિચારણા ઉપરથી નીચે ઉતારે છે.

દા.ત. કૃષ્ણ અને બલરામ છેલ્લા ત્રણ પૂર્વીય મનુષ્યભવોથી પરસ્પર ભાઈ હતા. એમાં પહેલા ભવમાં કૃષ્ણના જીવે ગાડુ ચલાવતા નીચે આવી ગયેલી નોળિયણ પર ગાડુ ચલાવી દીધુ. દયા દાખવી નહીં. પણ બલરામના જીવે એને બચાવવાનો ભાવ રાખ્યો હતો ને મરતી એને પંપાળી હતી. તેથી નોળિયણને બલરામના જીવ પર રાગ અને કૃષ્ણના જીવ પર દ્વેષ થયો.

બીજા ભવમાં એ જ બંનેની માતા થઈ. મોટા પર ઘણો પ્રેમ ને નાના પર એટલો જ દ્વેષ. છેવટે નાનાએ દીક્ષા લીધી. એની પાછળ મોટાએ પણ દીક્ષા લીધી. આપણે કોઈને પ્રતિકૂળ થઈએ છીએ, તો ભવિષ્યમાં આપણને અકળાવનારી બને એવી પ્રતિકૂળતા એ ઊભી કરે છે. કૃષ્ણે 'ગાડાની વચ્ચે આવે તો મરે' એવી ઉંધી વિચારણા કરેલી ને બલરામે 'જીવને બચાવવા પ્રયત્ન કરવો જોઈએ' એવી સીધી વિચારણા રાખેલી.

પ્રશ્ન : કૃષ્ણે પૂર્વે માતાના દુઃખથી દીક્ષા લીધી તો એ દુઃખ ગર્ભિત વૈરાગ્ય ગણાય ?

ઉત્તર : ગણાય. પણ એકાંતે એમ જ હોય એમ માની લેવું નહીં. દુઃખથી દીક્ષા લેનારો પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં આવી શકે છે.

પ્રશ્ન : વૈરાગ્ય દુઃખગર્ભિત છે કે જ્ઞાનગર્ભિત તે શી રીતે ખબર પડે ? બે વચ્ચે શું ફરક ?

ઉત્તર : દુઃખ દુર થવા પર આનંદ આવે એ દુઃખગર્ભિત વૈરાગ્ય. ખાવાનું નહોતું મળતું તે ખાવા સાધુ થયો. તેથી ભોજન મળવા પર રાજી થાય તેનો વૈરાગ્ય દુઃખગર્ભિત. આ રીતે દરેક બાબતમાં સમજવું. સંસારીપણામાં સારી પેન વાપરવા નહોતી મળતી. અહીં એવી પેન મળે તો રાજી થાય તો એ કેવો વૈરાગ્ય ગણાય ?

ભોજન કરતાં કરતાં પણ જેને તપ કરવાનું મન થાય છે, તપ યાદ આવે છે, એનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત છે. કરવા પડતા તપમાં પણ જેને ત્રણ ટાઈમ ખાવાનું યાદ આવે છે, તેનો વૈરાગ્ય દુઃખગર્ભિત.

પ્રશ્ન : સંપ્રતિ રાજાને ભિખારીના ભવમાં દીક્ષા લેતી વખતે દુઃખગર્ભિત વૈરાગ્ય હતો ?

ઉત્તર : એણે દીક્ષા ખાવાના ભાવથી લીધેલી. એ વખતે વૈરાગ્ય જ ન હોતો. પછી શેઠિયાઓ ભક્તિ કરવા માંડ્યા તે જોઈને એનો ભાવ બદલાયો, શાસન પ્રત્યે અહોભાવ થયો એ જ્ઞાનગર્ભિત ગણી શકાય. ખાધેલું પચે એવું જ વાપરવું ને એના પર તપ લગાવવો ઈત્યાદિ વિચારણા સમ્યગ્ હોવાથી જ્ઞાનગર્ભિત છે.

પોતાના આશ્રિતો પર પોતાનું વર્ચસ્વ હોય તો બધાને આરાધનામાં વિશેષ જોડવાનું મન થાય એ જ્ઞાનગર્ભિતપણું ને વર્ચસ્વથી સત્તા-રુઆબ ચલાવવાનું મન થાય ને વટહુકમો બહાર પાડી દબાવવાનું મન થાય એ મોહગર્ભિત કે દુઃખ ગર્ભિત વૈરાગ્ય છે.

**દુઃખમાં સુખની યાદ આવે એ દોષરૂપ છે. તપમાં ખાવાનું યાદ આવે એ દોષરૂપ છે, માટે ત્યાં જ્ઞાનગર્ભિતપણું રહેતું નથી.** તપમાં ખાવાનું યાદ આવવાના બદલે વિધિ-આરાધના સુઝે એ ગુણરૂપ છે. એ જ્ઞાનગર્ભિતપણું છે. રોગીને ધર્મ ન થવાનો વસવસો હોય, તો સારું...પણ રોગ સહન નથી થતો ને ક્યારે સાજો થાઉં, એવું સુઝે તો તે દુઃખગર્ભિત છે. બાકી ધર્મના પ્રભાવે નિરોગીપણું મળવાનું જ છે.

પ્રશ્ન : પણ રોગી અવસ્થામાં તપ ન થતો હોય, તો નિરોગિતા ઈચ્છાય ને ?

ઉત્તર : એમાં નિરોગિતા તપ માટે જ ઈચ્છાય છે એવું સમજવાનું કામ અઘરું છે. હા, એ અવસ્થામાં 'તપ નથી થતો તો ત્યાગ રાખું' એ ભાવનાથી ત્યાગ કરતો રહે તો વાત સાચી થાય. જ્ઞાનગર્ભિત થાય.

સમજી લો, શારીરિક અશક્તિના કારણે છુટછાટ આપવાનું શાસ્ત્રમાં બતાવ્યું છે. પણ માનસિક આસક્તિ વગેરેને કારણે છુટછાટો બતાવી નથી.

વિચારણા વખતે પોતાના દોષો વિચારવાની સાથે આવા દોષોથી 'કોણ કેવા નુકસાન પામ્યું ? ઈત્યાદિ પણ વિચારવું જોઈએ. જેમકે કુરુટ-ઉત્કુરુટે ક્રોધ કર્યો, તો નરક ફળ પામ્યા. આત્મા ક્રોધ તરફ કે એવા દોષ તરફ ખેંચાઈ જાય છે, ત્યારે સમજી લેવું કે એ નબળો પડ્યો છે. આ નબળાઈ જિંદગીભરના કમાયેલા ધર્મનો નાશ કરી શકે છે, જેમકે એ કુરુટ-ઉત્કુરુટ.

પ્રશ્ન : પણ દુર્જનો વિપરીત વર્તે તો ક્યાં સુધી સહન થાય ?

ઉત્તર : પહેલા-છેલ્લા આરામાં સજ્જન-દુર્જનના ભેદ નથી. કલ્પવૃક્ષો ફળ આપવાના બંધ થયા પછી જેમ વનસ્પતિ આહાર અને માંસાહારના ભેદ ઊભા થયા, એમ સજ્જન-દુર્જનના ભેદ ઊભા થયા. તાત્પર્ય કે આ આરામાં દુર્જનો તો રહેવાના. પણ જો મૈત્રીભાવથી પ્રેમ ઊભો થાય, તો અકળામણ થાય નહીં. પ્રેમ હોય, તો ભૂલ સુધારતી વખતે પણ લાગણીથી કહેવાનું મન થાય ને પ્રેમ ન હોય, તો ટોણો

લગાવવાનું મન થાય. પ્રેમ-વિવેક-સભ્યતાવાળો લાગણીથી કહે. એ સિવાયના વ્યવહાર રફ ને ટફ હોય. એ સહન કરવામાં ધર્મ કમાઈ દેખાય એ જ્ઞાનગર્ભિતપણું છે, વિચારણા-આલોચના ફળ છે જે ધર્મમાં અવિવેક ભેળવે છે, એનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત નથી, પોતાના પૂરા ધર્મને એ ગુમાવે છે.

વિહાર વખતે વાદળા ઘેરાયા હોવા છતાં વરસાદ આવે નહીં ત્યારે અધિષ્ઠાયકને શાબાશી આપીએ તો એમાં અવિવેક છે. વરસાદની સીઝનમાં વિહાર કરવો દોષ રૂપ છે એ વાત ભૂલાઈ જાય છે. ને બીજી વાર એવા વિહારમાં વરસાદ નડે તો ?

જેમ કોઈ શેઠની ૫૦ વર્ષથી આબરૂ જામી હોય ને તે એકાદ ખોટું કામ કરે, તો નીચેની બધી આબરૂ પાણીમાં મળી જાય છે. એમ એકાદવારનો પણ અવિવેક પૂરા કરેલા ધર્મ પર પાણી ફેરવી દે છે.

વર્ષો સુધી સુંદર સાધના કરેલો સાધુ ઘડપણમાં માત્રુ ઉપરથી જ પરઠવી દે ને કોઈ જોઈ જાય, તો એ સાધુ પોતાની વરસોની સાધના પર પાણી ફેરવી દે છે તેથી ઘરડાને પણ ઉપરથી પરઠવવાની છુટ નથી.

સમ્યગ્ વિચારણા રૂપ આલોચના હોય, તો સમ્યગ્ આચાર આવે, આશ્રવ પણ સંવર બને છે. ઉંધી વિચારણા કરો તો આચાર ભ્રષ્ટ થવાય, સંવર પણ આશ્રવરૂપ બની જાય. પાપવિચારણા ભવભ્રમણ વધારે છે. મરિચિએ બીમારીમાં ખોટી વિચારણા કરી જે પરિણામે ઉત્સૂત્ર પ્રરૂપણા માટે ને ભવભ્રમણમાટે કારણ બની.

વિશ્વભૂતિના ભવમાં પણ ચૂક્યા... **પોતાનું અપમાન બીજા કરે તો પણ બીજાનું અપમાન કરવાનું મન થાય નહીં, તો વૈરાગ્ય સાચો ગણાય.** વિશ્વભૂતિએ દીક્ષા પહેલા કોઠા પાડી પોતાનું બળ બતાવવા દ્વારા વિશાખાનંદી વગેરેની માનહાનિ કરી. તેથીજ પાછળથી એમ માનહાનિનો પ્રસંગ સહેવાનો આવ્યો. એમાં ગાય ઉછાળી ત્યાં સુધી તો ઠીક છે, પણ પછી બળ માંગતું નિયાણું કર્યું, પણ એમ નહીં વિચાર્યું કે મારે બીજા બળની શી જરૂરત છે, મારા તપ-સંયમ એ જ મારા બળ છે ?

ઠંડીમાં; ઠંડી સહન નહીં થાય ત્યારે કામળી ઓઢીશ, ત્યાં સુધી ઠંડી સહન કરીશ, આ વિચારણા સમ્યગ્ છે, સંવરનું કારણ છે. રાતના પછી ઠંડીથી ઉંઘ ઉડી જશે. માટે લાવ પહેલેથી જ ઓઢી લઉં... આ વિચારણા મિથ્યા છે. આશ્રવનું કારણ છે.

ઈર્યાસમિતિપૂર્વક ચાલવું એ જેમ સંવર છે, તેમ એક્સીડંટ આદિની સંભાવનામાં દોડવાનું થાય એ પણ યોગ-સંવર છે.

ઠંડીમાં જરૂરતના અવસરે એક કામળી વધારે રાખી શકાય, પણ ધાબળાનો ઉપયોગ કરવો જોઈએ નહીં. ધાબળાનો ઉપયોગ શરૂ થયો તેથી જ ગામે-ગામ આપણા નામે ધાબળા રાખવા પડે છે.

પ્રશ્ન : શિયાળામાં પાણી ઠંડુ થઈ જાય છે. તેથી ઉકાળેલું ગરમ પાણી તપેલામાં જ રહેવા દઈએ તો ચાલે ?

ઉત્તર : તપેલું ગૃહસ્થનું ભાજન કહેવાય. વળી શ્રાવક પણ 'આ ગૃહસ્થ માટે છે' એમ માની ઉપયોગ કરી લે. તેથી પાણી ગરમ રાખવું હોય, તો પણ આપણા રીઢા ઘડામાં કે તરપણીમાં રાખવું. તપેલામાં રાખવું નહીં.

પ્રશ્ન : માથુ દુઃખતું હોય, તો ગોળી લેવાથી ઉતરી જાય પછી સ્વાધ્યાય સારો થાય, તો ગોળી લઈ લેવી સારી ને ?

ઉત્તર : અલબત્ત; એ રીતે સ્વાધ્યાય થાય, પણ પછી સમાધિની ટેવ ક્યારે પડશે ? આ રીતે તો ભવિષ્યમાં અસમાધિ થવાની સંભાવના છે. માથુ દુઃખતું હોય છતાં ગોળી લીધા વિના સ્વાધ્યાય કરતા રહેવામાં સમાધિ કેળવવાનો વિશેષ લાભ છે.

આ રીતે દરેક કાર્યમાં વિચારણા સમ્યગ્ રીતે કરવી એ આલોચના છે, જેમકે આપણું જેની આગળ ચાલતું હોય, એને ચઢાવીને બીજા સાથે અંટસ વધારવું એ મહા અધર્મ છે, એના બદલે એને સમજાવી બીજા સાથેનો દ્વેષભાવ દૂર કરાવવો એ મહાધર્મ છે.

પ્રતિક્રમણ-પડિલેહણાદિ યોગમાં બીજા સાધુ-શ્રાવક સાથે વાતો કરીએ તો યોગના બદલે યોગભ્રષ્ટ થવાય છે. પ્રતિક્રમણાદિની અવગણના-આશાતનાના કારણે એ યોગો માટે અંતરાય ઊભો થાય છે.

આલોચના કરનારા આલોચકમાં દસ ગુણ બતાવ્યા છે. તે ક્રમશઃ જોવાના છે.

આલોચકનો પ્રથમ અને બીજો ગુણ :
૧) જાતિસંપન્નતા, ૨) કુલસંપન્નતા.

## યોગસંગ્રહ-વાચના - ૪

સાચી-ખોટી, સારી-નરસી, ઉત્તમ-અધમ વિચારણા યોગ-યોગભ્રષ્ટતારૂપ છે, પણ એ માટે આધાર છે ગુણ સંપન્નતા ને એ માટે એક મહત્ત્વનો આધાર છે-જાતિ-કુળસંપન્નતા. જાતિ-કુળસંપન્ન ન હોય, તે ઉઠાવગીર બની શકે છે ને એની જાણકારી ઉઠાવગીરીમાં વધારો કરે છે. જાતિ-કુળ સંપન્ન વ્યક્તિ સરળ હોવી સંભવે છે ને સરળ વ્યક્તિ બીજાને સહાયક થાય છે.

માતાની વંશ પરંપરા જાતિ ગણાય છે ને પિતાની પરંપરા કુળ ગણાય છે. જાતિસંપન્ન હોય, તે સાચી વાત કહી શકે છે, જે જાતિસંપન્ન નથી, તે સાચી વાત કહી શકતો નથી-છુપાવે છે.

જાતિ-કુળ સંપન્ન પર વિશ્વાસ મૂકી શકાય. જો કે જે પૂર્વભવમાં આરાધના કરી આવ્યો હોય, તે જાતિ-કુળ સંપન્ન ન હોય, તો પણ એના વિચારો ઉત્તમ સંભવી શકે છે. જે એવી આરાધના કરી આવેલો ન હોય, તે જાતિ-કુળ સંપન્ન હોવાથી તેવા સંસ્કારવાળા દેખાય, તો પણ એના વિચારો ઉત્તમ હોતા નથી. મોટે ભાગે તો સંસ્કારમાં ય દેવાળું હોય.

જાતિ-કુળ સંપન્ન માતા-પિતાએ સંતાનને ઉત્તમ સંસ્કાર આપી ઘડવો જોઈએ, જો કે આમાં એ બંનેના આચાર-વ્યવહાર સૌથી વધુ અસર કરે છે, કહેવા કરતાં જોયું ભલું. સંતાન માતા-પિતાને ઉત્તમ આચાર સંપન્ન જુએ, તો એની એને અસર વધુ થાય છે. વર્ષોથી આચાર પાળીએ તો એ આચાર લોહીમાં વણાય છે. તેથી એ ઊંચી જાતિ-કુળ ગણાય છે. આવા જાતિ-કુળવાળો લોહીમાં એવા સંસ્કાર પામે છે કે તે પ્રાયઃ અકૃત્ય કરતો નથી. (ક્રમશઃ)

## અથ વૈવિધ્યમ્

श्लोक : ''पापबुध्द्या तु भवेत्पापं, को मूढोऽपि न वेत्त्यदः ।
धर्मबुध्द्या तु यत्पापं, तच्चिन्त्यं निपुणैर्बुधैः ॥''
( योगसार : २/३१ )

**શ્લોકાર્થ :** 'બુદ્ધિ જો પાપની હોય તો પાપ થાય' આ વાત તો કયો મૂઢ માણસ પણ જાણતો નથી ? પણ 'ધર્મ બુદ્ધિથી જે પાપ થાય' તે વિચક્ષણ પંડિતોએ વિચારવા યોગ્ય છે.

**વિવેચન :** જૈન વાઙ્મયમાં માત્ર ક્રિયાને જ પાપ હેતુ નથી કહી. પણ પ્રવૃત્તિ પાછળની કારક અને ચાલક વૃત્તિને કર્મબંધમાં હેતુ કહી છે.

સાધુ અને શ્રાવક, સમકિતી અને મિથ્યાત્વી, આ પ્રત્યેકની દેખીતી બાહ્ય ક્રિયાઓ તુલ્ય સંભવે, છતાંય ન દેખાતા કર્મબંધમાં ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેટલો ફરક હોઈ શકે છે ! અરે, એવું પણ બની શકે કે જે ક્રિયામાં ગૃહસ્થ કર્મબંધ કરી બેસે. એ જ ક્રિયા કરતાં સમયે સંયમી કર્મનિર્જરા પણ કરતાં હોય !

આટલો મોટો તફાવત પડવામાં કારણ છે : વૃત્તિ, આશય, બુદ્ધિ...અને આ મનોવૃત્તિમાં ભેદ પડાવનાર છે : અજ્ઞાન અને અભિમાન.

પ્રવૃત્તિમાં કાં તો અજ્ઞાન ભળેલું છે, કાં તો અભિમાન (મનુષ્યગતિમાં સવિશેષ માન કષાય હોવાથી, 'અભિમાન'નો પ્રયોગ કર્યો છે, તે પરથી ઉપલક્ષણથી સર્વ કષાયો સમજવા)

બોધકથામાં આવે છે તેમજ, આજે સવારે જ સાક્ષાત્ દૃશ્ય જોયું. એક નાનકડું પંખી વાહનના અરીસામાં પોતાનું જ પ્રતિબિંબ જોઈ-જોઈને ચાંચ મારી રહ્યું હતું. જાણે સામે પોતાનો જ કટ્ટર પ્રતિસ્પર્ધી ન હોય !

એકલું અજ્ઞાન તેટલું બાધક નથી બનતું, જેટલું અભિમાન મિશ્રિત અજ્ઞાન બને છે. કારણ કે માત્ર અજ્ઞાન જ હોય તો તો કો'ક જ્ઞાનીને અનુસરીને, પૂછતાં નર પંડિત થઈ જવાય. પણ તેમાં ભેગું અભિમાન પણ ભળેલું હોય તો ?

પારદર્શક કાચ સાથે અથડાતી માખી અને અરીસા સાથે ભટકાતું પક્ષી, બન્ને વચ્ચે ઘણું અંતર છે. એકમાં માત્ર અજ્ઞાન જ છે જ્યારે બીજામાં અભિમાન પણ છે. કાચ ખોલી દેશો તો માખી સીધે સીધી ઉડી જશે પણ પેલા પંખીને ઉડાડી મૂકશો તો ય ફરી-ફરી આવી બેસશે.

જ્યારે અજ્ઞાન અને અભિમાન ભેગા થાય ત્યારે જે દુર્ઘટના સર્જાય છે તેનું વરવું અને વાસ્તવિક સ્વરૂપને વર્ણવતાં 'યોગસાર' કહે છે : 'ધર્મબુધ્દ્યા તુ ભવેત્પાપં'=આંખ માત્ર ઉઘાડે નહીં, પણ સાથે સાથે પહોળી પણ કરી દે, તેવું આ વાક્ય છે.

પાપ કરવાની બુદ્ધિથી પાપકર્મ થાય, તે તો જગતનો બચ્ચો પણ સમજે છે. પણ ધર્મ કરવાની બુદ્ધિથી પણ પાપકર્મ આચરાઈ ન જાય તે માટે હોંશિયાર સમજુઓએ સતત સતર્ક રહેવા જેવું છે.

પ્રશ્ન એ થાય કે બુદ્ધિ ધર્મ કરવાની હોય છતાં ય શી રીતે પાપકર્મ થાય ? જવાબ ભૂમિકા દરમ્યાન જ જણાવી દીધો છે. આપણે જેમાં 'ધર્મ' માનીને કરી બેસીએ એ કાર્ય ધર્મકાર્ય નથી બનતું, બલ્કે શાસ્ત્ર કે ગીતાર્થ ગુરુ જેને 'ધર્મ' નું લેબલ આપે, તે જ કાર્ય ધર્મકાર્ય બને છે. હિંસાને ધર્મ સમજીને કો'ક જીવહિંસા કરે તો શું તે ધર્મકાર્ય ગણાશે ? તો લોકોત્તર ધર્મમાંય જિનાજ્ઞા કે ગુર્વાજ્ઞાને નિરપેક્ષ બનીને કો'ક, પ્રવૃત્તિ ભલે ધર્મની જ કરે, બુદ્ધિ પણ ધર્મ આરાધવાની જ હોય તો ય શું તેને ધર્મ કહેવાશે ? આનો જવાબ ગ્રંથ અને ગ્રંથકાર વિચારક વિવેકી વિદ્વાનના ભરોસે સોંપી દે છે.

બીજું તો ઠીક, આપણે સચેત અને સાવચેત થઈ જવા જેવું છે. આપણી ક્રિયા ધર્મક્રિયા તો જ બનશે જો તે જિનાજ્ઞા અને તેથી ય વધુ ગુર્વાજ્ઞાને આધીન હશે.

કલ્પસૂત્રના નવમાં વ્યાખ્યાનમાં સાધુ સામાચારીનું વર્ણન કરતાં ભદ્રબાહુ સ્વામીજી વારંવાર કહે છેઃ 'આયરિયા પચ્ચવાયં જાણન્તિ' સામાચારીમાં, ક્યાં અને ક્યારે ફેરફાર કરવો તે સત્તા આચાર્યના હાથમાં છે. કારણકે તે લાભ-નુકશાનને જાણે છે. આપણીજ બુદ્ધિથી ચાલશું તો બુદ્ધિ કદાચ 'ધર્મ'ની રહશે. પણ પરિણામમાં ધર્મ નહીં મળે, તે નિશ્ચિત છે. આપણે તો અજ્ઞાન અને અભિમાન, બન્નેથી પીડિત છીએ. હવે આપણી વૃત્તિ, પ્રવૃત્તિ અને પરિણતિ; ત્રણેયમાં 'ધર્મ' અનુસ્યૂત થાય તેનો એકજ માર્ગ છે : ગુર્વાજ્ઞા પારતન્ત્ર્ય. ગુર્વાજ્ઞા પારતન્ત્ર્ય દ્વારા જિનાજ્ઞા પારતન્ત્ર્ય પામી સંસાર અને કર્મથી સ્વાતન્ત્ર્ય પામીએ....

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

## આજની વાત

**પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ**
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરિજી મહારાજ સાહેબ**

('આચારધર્મ' વિષયક તાત્ત્વિક વાચનાનો માર્મિક અંશ.
સ્થળ : શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન તીર્થ, ધોળકા.)

જ્ઞાની અને સાધુ, બે માંથી મોટા કોણ ? એક સાધુ છે પણ જ્ઞાની નથી, બીજાની પાસે જ્ઞાન છે પણ સાધુતા નથી, બેમાંથી સારું કોણ ?

'હું કેવલજ્ઞાન મેળવીને જ જાઉં, જેથી નાના ભાઈઓને વંદન ન કરવા પડે' આવા માન કષાયમાં ચઢી ગયેલ બાહુબલીજીને જ્યારે બહેન સાધ્વીજીઓએ ટકોર કરી, 'વીરા મોરા ગજ થકી નીચે ઉતરો' કહીને ચેતવ્યા, ત્યારે માન કષાય ગયો, દોષ ગયો અને આદર પ્રગટ્યો.

જ્ઞાન ગમે તેટલું હોય, છદ્મસ્થ છે ત્યાં સુધી ભૂલ થવાની સંભાવના છે. તેથી આપણી ભૂલ આપણને કોણ કહી શકે ? મોટા કે નાના પણ ?

માસ્તુષ મુનિને વારેવારે 'મા રુષ મા તુષ' બોલતાં બોલતાં 'માસ્તુષ' થઈ જતું. બાળકો પણ ટીખળ કરીને ચીડવે છતાં માસ્તુષ મુનિ પોતાની ભૂલ સ્વીકારી સુધારી લે.

આપણે વિહાર કરીએ અને ભીલનો નાનો છોકરો આપણને આડે રસ્તે ચઢતાં રોકી, બીજો માર્ગ દેખાડે, તો માનીએ કે નહીં ?

નાના પણ આપણી ભૂલ દેખાડે તો પહેલાં સમજવું. આપણને ત્યાં ખરેખર ભૂલ લાગે તો ભૂલ સ્વીકારવી અને સુધારવી.

જો બીજા સૂચના કરે અને તે પ્રમાણે આપણે ન ચાલીએ તો ? ચાલવા માત્રથી ઈષ્ટસ્થાને પહોંચાય કે સાચા માર્ગે ચાલવાથી ?

ખોટા માર્ગે ઝટ ચાલો તો ય ન પહોંચાય.
સાચા માર્ગે ધીમે ચાલો તો પણ પહોંચી જવાય.
વિરાધના; એ ખોટો માર્ગ છે.
આરાધના; એ સાચો માર્ગ છે.

આરાધના એટલે ચોકસાઈ, જયણા. જે ઘણું કરવા જાય, ઝટ કરવા જાય તેનામાંથી લગભગ જયણા નીકળી જાય. થોડું કરે પણ જયણા વાળું કરે તો એ માર્ગ કહેવાય.

'કહં ચરે કહં ચિટ્ઠે' ચાલવું, બેસવું, સુવું, વાપરવું, બોલવું, બધી જ ક્રિયાઓમાં છેવટે જયણા દેખાડી છે.

ઈર્યાસમિતિમાં માત્ર સામે જોઈને ચાલવું, એટલું જ નહીં. પાછળથી ગાડીનો અવાજ આવે તો પાછળેય જોવું પડે ને આગળ-પાછળ પણ જોવું પડે. આ બધું કોણ જણાવે ? 'કઈ પરિસ્થિતિમાં કઈ રીતે વર્તવું' તે કોણ સમજાવે ?

જેમ ગુરુ સમજણ આપે, તેમ સહવર્તી કલ્યાણમિત્ર તુલ્ય સાધુ પણ સમજણ આપે. માટે, મિત્રતા કોની સાથે રાખવાની ? જે સ્વયં વિવેકી હોય, સમજુ હોય, વિચારક હોય એટલે જે વારંવાર ટોકે, તેની સાથે મિત્રતા રાખવી.

જે માત્ર મીઠું બોલે, તે સાચો મિત્ર ન કહેવાય. કડક પણ લાભકારી હોય તો સ્વીકારવું.

મીઠું પણ નુકશાનકારી હોય તો વ્યવહાર ઘટાડવો. આ બધી જ વાતો, વ્યવહારો, શાસ્ત્રવચનો કોને આધીન ? જિનાજ્ઞા પણ ગીતાર્થ ગુર્વાધીન છે. તેથી જે ગુરુને વફાદાર હોય તે ભગવાનને, જિનાજ્ઞાને વફાદાર હોય. જેને માથે ગુરુ નથી, તેને માથે જિનાજ્ઞા નથી. જેનું જીવન ગુરુસમર્પિત ન હોય, તેને સંયમ ન હોય. માત્ર ક્રિયાકાંડ હોય.

આજે ગુરુનું વર્ચસ્વ લગભગ દેખાતું નથી, તેથી શરૂઆત સ્વયંથી કરવી. સેવા વગેરે કોઈપણ કાર્ય સમર્પણથી કરાય તો જ લાભદાયી છે. ચડસા-ચડસી, સ્પર્ધા, ઈર્ષ્યાથી થાય તો એ વટમાં ચઢે તો છોડી પણ દે. સમર્પણમાં વટ ન હોય. માટે જ સમર્પણ દ્વારા જે ગુણ પ્રગટે તે અપ્રતિપાતી બને.

જ્ઞાનનું ફળ પણ છેવટે વિરતિ-સંયમ છે. સંયમ ગુરુને આધીન છે. ગુરુ-સમર્પણ દ્વારા સંયમ જીવન સાર્થક બને એ જ...

...સંકલન...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

# અથ વૈવિધ્યમ્

**। મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ।**

આટ આટલો ધર્મ કરવા છતાં મન ઉદ્વિગ્ન બનતુ રહે છે. મનને ક્યાંય શાંતિનો અનુભવ થતો નથી. મન ક્યાંય ઠરતું નથી. આવી ફરિયાદ છાસવારે ને છાસવારે અનેક લોકો કરતા હોય છે. શું આપણું મન પણ આવીજ ફરિયાદોનું શિકાર બનતું રહે છે ? પણ ના; વાસ્તવમાં મનની શાંતિ એ જુદી ચીજ છે અને મનની પ્રસન્નતા એ જુદી ચીજ છે. શાંતિ; એ નિષેધાત્મક અનુભવ છે. જ્યારે પ્રસન્નતા; એ વિધેયાત્મક અનુભવ છે. શાંતિ તો કો'ક નશીલા પદાર્થના સેવનથી પણ મેળવી શકાય છે. જ્યારે પ્રસન્નતા તો ધર્મના માર્ગે જ પામી શકાય છે. 'ડિપ્રેશન' થી જે પીડાય છે તેઓને હાઈપાવર વાળી દવાઓ આપીને ડૉક્ટરો આખરે કરે છે શું ? એમના મનને શાંત બનાવી દે છે. સંખ્યાબંધ ચિંતાઓથી ઘેરાયેલો માણસ દારૂના શરણે જઈને આખરે મેળવે છે શું ? મનની શાંતિ. કો'ક સ્વજનને ઘસઘસાટ સૂતેલો જોઈને એના માટે મનમાં ભાવ પણ શું જાગે છે ? આજ કે એ કેવો શાંતિથી સૂતો છે ? આનો અર્થ સ્પષ્ટ છે શાંતિ ખરીદી શકાય છે! હજાર રૂપિયાની દારૂની બોટલથી પણ શાંતિ ખરીદી શકાય છે તો પાંચ રૂપિયાની ઊંઘની ગોળી પણ શાંતિનો અનુભવ કરાવી શકે છે. જ્યારે મનની પ્રસન્નતા એ આખો જુદો જ અનુભવ છે. એ દુઃખોની ગેરહાજરીની અપેક્ષા નથી રાખતી. દુઃખોની વણજાર વચ્ચેય પ્રસન્નતાના સ્વામી બની શકાય છે. એ ચોક્કસ પ્રકારની બાહ્ય પરિસ્થિતિને જ બંધાયેલી નથી. ગમે તેવા પ્રકારની વિષમ અને વિપરીત પરિસ્થિતિ વચ્ચેય મનની પ્રસન્નતાને અકબંધ રાખી શકાય છે. મનની શાંતિ પામવાના લક્ષવાળો પીડાને દૂર કરવાના પ્રયાસ કરે છે. જ્યારે પ્રસન્નતા તો પીડાને સહન કરવાનું સામર્થ્ય અર્પે છે. ધર્મ કરવા દ્વારા આપણી ડીમાન્ડ શેની ? શાંતિની કે પ્રસન્નતાની ? મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે જેમ જેમ પરમાત્માની પૂજા તમે કરતા જાઓ, પરમાત્માના વચનોને જીવનમાં અમલી બનાવતા જાઓ તેમ તેમ તમારું મન પ્રસન્નતાનો અનુભવ કરતું જાય. બહુજનવર્ગ આજે આ જ ભ્રમણાનો શિકાર બની બેઠો છે કે તેઓ શાંતિને જ પ્રસન્નતા માની બેઠો છે. ઘણાય શાંતિ અને પ્રસન્નતા બન્નેને એક જ સમજી બેઠા છે. શાંતિ એ બહુ મામૂલી ચીજ છે. બહુમૂલ્ય કોઈ ચીજ હોય તો એ છે પ્રસન્નતા. ગુલાબજાંબુ ઉતારતાં જે મજા આવે છે એને અજ્ઞાની જગત ભલે પ્રસન્નતા કહેતું હોય, પણ અધ્યાત્મ જગતમાં તો એને પાગલતા જ કહેવાય છે. પણ ગળામાં કેન્સરની ગાંઠ હોય અને પાણીનું એક ટીપું પણ ગળેથી ઉતરતું ન હોય અને મોત બારણે ટકોરા મારતું હોય, આવી વિપરીત પરિસ્થિતિમાંય સ્વવેદનાને મજબૂરીથી નહીં પણ મર્દાનગીથી સ્વીકારી લેવાની અને સમાધિ ટકાવી રાખવાની ખુમારી જીવતી રહે એને કહેવાય પ્રસન્નતા. મોટાભાગના લોકો તો માત્ર શાંતિના જ ચાહક છે. પ્રસન્નતા તો તેઓની કલ્પનાનો વિષય પણ નથી બન્યો. મનની શાંતિ એ કંઈ પડકાર રુપ નથી. જ્યારે મનની પ્રસન્નતા એ ચોવીસ કલાકની પરીક્ષા છે. માત્ર અમુક સમય પૂરતો 'કોર્સ' કરી લેવાથી મનની શાંતિ કાયમ માટે આત્મસાત્ થઈ જતી નથી. વિજ્ઞાન ભલે સુખ મેળવવા દોડ લગાવી રહ્યું હોય પણ આ તો સંસાર છે. ન ધારેલું બનતું જ રહે. ધારેલું કંઈજ ન કરી શકાય. અપેક્ષાઓ તુટતી જ રહે આવું. તો અહીંયા ડગલે ને પગલે બનતું જ રહેવાનું છે. ધર્મક્રિયાના પરિણામ સ્વરૂપે જો આપણે શાંતિજ ઝંખીએ અને એ માટે દુઃખોથી દૂર રહેવા જ પ્રયત્નશીલ બનીશું તો ધર્મથી પ્રાપ્ત થનારી મનની પ્રસન્નતાને આત્મસાત્ કરવા તરફ કદમ ક્યારે માંડીશું ? ધર્મ કરવાના પરિણામ તરીકે આપણે શું ઝંખીએ છીએ ? શાંતિ કે પછી પ્રસન્નતા ? દુઃખોની ગેરહાજરી કે પછી ખુમારીની હાજરી ? માટેજ તો કહ્યું છે મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે પરમાત્માની પૂજાથી શાંતિની નહીં પણ પ્રસન્નતાની માંગણી કરી છે છતાંય જેમ સોરૂપિયા હાથમાં આવે છે ત્યારે દસ રૂપિયા હાથમાં આવી જ ગયેલા ગણાય છે. તેમ મનની પ્રસન્નતા હાથવગી થાય છે ત્યારે મનની શાંતિ તો હાથવગી થઈને જ રહે છે !!!

**પરમ પૂજ્ય મુનિશ્રી પરાર્થસુંદરવિજયજી મહારાજ**

# પ્રેરક પ્રસંગો

## ૪૯. સાધુ તો ચલતા ભલા

એક ગામમાં એક મહાત્મા પધાર્યા. મહાત્મા ખૂબજ વૈરાગી હતા. એમની વાણી જેવું જ એમનું જીવન હતું. એમના આચરણથી આખું ગામ પ્રભાવિત થઈ ગયું. ખુદ રાજાને પણ એમના પ્રત્યે ભારોભાર શ્રદ્ધા થઈ ગઈ. રાજા પણ પોતાના રાજ કાજમાંથી સમય ફાળવીને નિત્ય મહાત્મા સાથે સત્સંગ કરવા લાગ્યો.

આગળ જતા રાજા મહાત્માને એટલો સમર્પિત થઈ ગયો કે એણે મહાત્મા માટે પોતાના જેવો જ રાજમહેલ, પોતાના જેવાજ ઉદ્યાનો વગેરે ગોઠવી આપ્યા. કોઈ ચીજ પોતાના કરતા ઓછી નહિ ને કોઈ ચીજ પોતાનાથી ઉતરતી નહિ.

એક દિવસની વાત છે. રાજા અને મહાત્મા ઉદ્યાનમાં લટાર મારી રહ્યા હતા. રાજાએ લાગ જોઈ મહાત્માને કહ્યું : મહારાજ ! મારી પાસે જેટલી સુખની સામગ્રી છે એટલી જ તમારી પાસે છે તો હવે મારામાં અને તમારામાં ફેર શું ?

સંતે જવાબ આપવાને બદલે એટલું જ કહ્યું : અત્યારે તમે મારી સાથે ચાલો, આનો જવાબ તમને આગળ જઈને આપીશ. રાજા મૌનપણે સંતને અનુસર્યો. સંતે ઉદ્યાનમાંથી બહાર નીકળી આગળ ચાલ્યા. છેક ગામની બહાર આવી ગયા. રાજા વચનને બંધાયો હોઈ કાંઈપણ બોલ્યા વગર સંતની સાથે ચાલતો જ રહ્યો.

ગામ બહાર આવ્યા પછી સંતે રાજાને કહ્યું : રાજન્ ! ચાલો આપણે બીજા દેશમાં જઈએ. હવે આપણે-આપણા ગામ તરફ-રાજમહેલ તરફ પાછા વળવું નથી.

તરત રાજા બોલ્યો : ના, ના. એમ મારાથી તમારી સાથે ન અવાય. મારે તો રાજ છે, પત્ની-પુત્ર વગેરે છે. મારા વગર એ બધાની શું સ્થિતિ થાય ?

સંતે લાગ જોઈને સોગઠી મારી : બસ, રાજન્ ! તમારામાં અને મારામાં આ જ ફરક છે. તમે બંધનમાં છો, હું મુક્ત છું. મને કોઈ બંધન નથી. આટલું કહી સંતે પગ ઉપાડ્યા. રાજા નત મસ્તકે સંતને વંદી રહ્યો.

## ૫૦. પ્રભુ ! તેં મને જે આપ્યુ છે

એક ડોશીમાને આખો દિવસ પોતાની આપ બડાઈ કરવાની ભારે ટેવ હતી. સાથે સાથે બીજાની નિંદા કરવાની પણ એવી જ ટેવ. લાગ આવે તો એ ભગવાનની પણ નિંદા કરી લ્યે.

એક દિવસ મંદિરમાંથી બહાર નીકળતા એમને એક ભક્ત ભટકાઈ ગયો. ભક્ત એમના પરિચિત હતા. ભક્તે કહ્યુંઃ કેમ માજી ! કેમ ચાલે છે ?

ભક્ત આગળ બોલે એ પહેલા તો માજીએ એટલા રોદણા રોવાના શરૂ કર્યા. શું કેમ ચાલે છે ? આ જુઓને, આટલા એકાસણા કર્યા, આટલા શ્રાવણના સોમવારો કર્યા, આટલી એકાદશી કરી, આટલી ભગવાનની ભક્તિ કરી...પણ હરામ છે, ભગવાન મારી સામે જુવે તો ? મારા પર ભગવાનની કૃપા જ નથી થતી.

કેમ, શું તકલીફ છે, માજી ? ભક્તે પૂછ્યું.

ત્યારે માજી બોલ્યા : મારા દિકરાને પરણ્યાને પંદર વર્ષ થયા... હજી સુધી ઘેર ઘોડીયું બંધાયું નથી.

આ સાંભળતાં જ ભક્તે માજીને કહ્યું : પણ માજી ! તમને આ મનુષ્ય જનમ કોણે આપ્યો ?

તમને આ પાંચેય ઈન્દ્રિયોથી પરિપૂર્ણ શરીર કોણે આપ્યું ?

તમને આવુ દીર્ઘ અને નિરોગી શરીર કોણે આપ્યું ?

તમને બે દિકરા-એક દિકરીનો પરિવાર કોણે આપ્યો ?

માજીએ ભગવાનની ટીકા કરી હોવાથી ભક્તથી રહેવાતું ન હતું. એણે આગળ કહ્યું : જુઓ, માજી ! તમને જે મળ્યું છે તે તો ઈશ્વરની કૃપા છે કે નહિ ?

માજી મૌન રહ્યા, એટલે ભક્ત આગળ બોલ્યો...માજી આ દુનિયામાં એકસરખા દિવસો કોઈના જતા નથી. ઋતુઓ પણ સમય પ્રમાણે બદલાયા કરતી હોય છે. શિયાળો પછી ઉનાળો આવે જ છે. એમા કાંઈ ભગવાનને દોષ દેવાનો ના હોય. તેમ એક દિકરાના ઘેર દીકરો ન આવ્યો એમાં શું આજ સુધીની ભગવાનની બધીજ કૃપાઓ દબાઈ ગઈ ?

માજી કાયમ માટે ભગવાનની ટીકા કરવાનું ભૂલી ગયા.

**: લેખક :**

**પરમ પૂજ્ય આચાર્યશ્રી મહાબોધિસૂરિજી મહારાજ સાહેબ**

# નમો સૂરિરાજા, સદા તત્ત્વ તાજા !

'વંદન થાય છે'

ઊંચા અવાજે બોલાયેલા શબ્દો કલિકુંડ તીર્થના રમણીય ઉપાશ્રયમાં ગૂંજી ઉઠ્યા. જો કે આ રોજનો ક્રમ હતો. સાંજે ૬-૧૫, ૬-૩૦ની વચ્ચે પરમ પૂજ્ય ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબને સામૂહિક વંદન અર્થે પૂજ્ય આચાર્યશ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આવો મીઠો સાદ આપે. સહુ કોઈ મહાત્માઓ પોતાના કાર્યને પડતા મૂકી પ્રતિસાદ આપવા પરમ પૂજ્ય ગચ્છાધિપતિશ્રીના આસન ભણી ત્વરાએ પહોંચી જાય.

તે દિવસનાં સાદમાં કોઈક અનેરો આસ્વાદ હતો. ભૂતકાળનાં વળ નીચે દટાયેલા પરોક્ષ ઈતિહાસની આવિર્ભૂતિના એંધાણ આપવા કુદરતે કરેલો સાદ કદાચ એમાં ભળ્યો હશે.

સહુ કોઈ મહાત્મા પૂજ્યપાદશ્રીની સન્મુખ હાથ જોડી ઊભા હતા. સાહેબજીની કરુણાપૂત દૃષ્ટિથી સહુ કોઈ ભીંજાતા હતા. પૂજ્ય આચાર્યશ્રી જયસુંદરસૂરિજીએ 'સાહેબજી ! વંદન કરીએ ?' અનુજ્ઞા મેળવવાની ઈચ્છાથી પ્રશ્ન કર્યો. સાહેબજીએ મૂક સંમતિ આપી. ત્યારબાદ વંદનનો પ્રારંભ થયો.

જિનશાસનની આ વંદન પ્રક્રિયા એટલે અહંના હવનની પ્રક્રિયા. જેના હોમવાથી વંદ્ય પ્રત્યેના આદરભાવનો તેજપુંજ હૃદયના પ્રત્યેક પ્રદેશોને પ્રકાશિત કરી દે છે.

વંદનના અંતે પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ સહુ કોઈને પચ્ચક્ખાણ આપી વિરતીસંગી કરી દીધા.

એટલામાં એક મહાત્મા બોલ્યા 'સાહેબજી ! આજે બપોરે ખૂબ સારો પ્રોગ્રામ થયો. મુનિશ્રી પારિજાત વિજયજીએ ચોવીશ તીર્થંકરોની એકસો સીત્તેર વિગતો યાદ કરેલી. એટલે કુલ ૪૦૮૦ વિગતો થઈ. એમાંથી કોઈપણ પ્રકારનો પ્રશ્ન કોઈપણ રીતે પૂછવાની છૂટ હતી. મહાત્માઓ એક પછી એક પ્રશ્નો પૂછતાં ગયાં અને તેમને તે સર્વે પ્રશ્નોના સાચા જવાબો આપ્યા.'

પૂજ્ય ગચ્છાધિપતિશ્રી બોલ્યા 'પૂજ્ય સોમતિલકસૂરિજી રચિત સપ્તતિશતસ્થાનપ્રકરણના આધારે જ તૈયાર કર્યું ને ? પૂજ્ય દાદાગુરુદેવે (પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ) મને ગોખાવેલું.' આટલું બોલીને સાહેબજી અટકી ગયા.

ઉપસ્થિત સહુ કોઈ મહાત્મા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેનું કારણ એ હતું કે આ ઈતિહાસ સહુ કોઈ માટે પરોક્ષ અને અશ્રુત હતો અને બીજા નંબરે કર્તૃત્વની હિમશિલાને ઓગાળી નાખતો 'ગોખાવેલું' શબ્દ.

ગચ્છાધિપતિશ્રીએ પોતાના કર્તૃત્વને ક્યારેય આગળ આવવા દીધો નથી. દીક્ષા લીધી એ જ દિવસથી સાહેબજીએ પોતાના કર્તૃત્વભાવનું શ્રાદ્ધ કરી દીધું હતું.

આદર્શ શિષ્યની કપરામાં કપરી સાધના એટલે સ્વત્વને ગુરુનાં અસ્તિત્વની અંદર ઓગાળી અમર બનવું. પૂજ્ય સાહેબજી આ સાધનામાં સફળ સુકાની છે.

'સાહેબજી ! ક્યારે ગોખ્યું ?' કોઈક મહાત્માએ પ્રશ્ન પૂછ્યો. 'વિ.સં.૨૦૧૧ની સાલમાં અહમદનગરના ચાતુર્માસમાં દાદા ગુરુદેવે મને સવારે બોલાવ્યો અને એક પ્રત આપીને કહ્યું આ ગ્રંથ તારે ગોખવાનો છે. દાદા ગુરુદેવની કૃપાએ ગ્રંથ ગોખાવી દીધો. તે સપ્તતિશતસ્થાન પ્રકરણની પ્રત હતી.'

પૂજ્ય ગચ્છાધિપતિશ્રી માટે ગુરુની આજ્ઞા એટલે ભગવાનની આજ્ઞા બરાબર હતી. સાહેબજી ગુરુનો આદેશ મળતા તેના ઝીણાં વિવેચનમાં ઉતર્યા વગર અમલીકરણમાં લાગી જતાં.

જુની સ્મૃતિઓને તાજી કરતાં સાહેબજી બોલ્યા 'સં. ૨૦૦૮માં મુનિશ્રી હેમચંદ્રવિજયજી મહારાજની દીક્ષાના મહોત્સવના દિવસોમાં હું દાદા ગુરુદેવની બાજુમાં બેઠેલો હતો ત્યારે આવેલા કોઈક જાણકાર ભાઈએ મારી તરફ આંગળી ચિંધતા દાદા ગુરુદેવને કહ્યું કે આ બાળ સાધુની આંખોમાં વૈજ્ઞાનિક જેવું તેજ દેખાય છે. જો આ સંસારમાં હોય તો ઘણા અપૂર્વ સંશોધનો કરે. આ સાધુને ગાથાઓ કંઠસ્થ કરાવવાને બદલે અર્થચિંતનમાં ઉતારી દો. ત્યારથી દાદા ગુરુદેવે મને પદાર્થના ક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો.'

પૂજ્ય ગચ્છાધિપતિશ્રી પદાર્થ ક્ષેત્રના પ્રવાસી ન બનતા ખોજી બન્યા. વણખેડ્યા માર્ગો ખોળી ખોળી નિત નવી અર્થસૃષ્ટિના સરનામા આપતા ગયા. આજ દિન સુધી આપી રહ્યા છે.

શાસ્ત્રની બે પંક્તિ વચ્ચે અદૃશ્યરુપે સોડવાળીને સૂતેલા ઐદમ્પર્યાર્થને જગાડી દૃશ્યસ્વરુપ આપવું એ સાહેબજીનું વ્યસન છે. વૈજ્ઞાનિકની એક લાક્ષણિકતા હોય છે કે તે આવું કેમ ? આ જ રીતે કેમ ? આવા અનેકવિધ પ્રશ્નો દ્વારા સિદ્ધાંતોનું ઘમ્મર વલોણું કરે અને તેમાંથી નવતર સિદ્ધાંતોનું નવનીત કાઢે. તે જ રીતે પૂજ્ય ગચ્છાધિપતિશ્રી શાસ્ત્રોના વિધાનો વિશે આવું કેમ ? આમ જ કેમ ? આવા જિજ્ઞાસા ગર્ભિત પ્રશ્નોરૂપી પગેરૂના માધ્યમે અનુપ્રેક્ષાની વાટલડીએ આગળ વધતાં વધતાં શાસ્ત્રકારોના વિધાનો પાછળના રહસ્યાર્થનો ખજાનો શોધી કાઢે.

'સાહેબજી ! આપે શું શું ગોખ્યું છે ?' કોઈક જિજ્ઞાસુ મહાત્માએ પ્રશ્ન પૂછ્યો.

'થોડુંક જ ગોખ્યું છે' સાહેબજીએ વળતો જવાબ આપ્યો. સાહેબજી માટે અનેક ગ્રંથો ગોખી લેવા એ પરાક્રમ નથી પરંતુ તેના માધ્યમે વૈરાગ્યની પરિણતિનો આંક ઊંચો લાવવો એ સશક્ત પરાક્રમ છે. 'છતાં પણ સાહેબજી ! જે ગોખ્યા હોય, આપ કૃપા કરી જણાવો તો ખરા.'

'બૃહત્સંગ્રહણી, ક્ષેત્રસમાસ' આટલું બોલીને સ્વશ્લાઘાના ભયથી અટકી ગયા.

મહાત્માઓને લાગ્યું સાહેબ આગળ નહીં બોલે તેથી નામ બોલતા ગયા અને સાહેબજી ઈષત્ માથુ હલાવવાની સાથે આંખના પલકારાથી 'હા'માં જવાબ આપતાં ગયા. તે ગ્રંથોના નામ - 'દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, નિશીથ, બૃહત્કલ્પસૂત્ર, વ્યવહાર, દશાશ્રુતસ્કંધ, જીતકલ્પ, અધ્યાત્મસાર, જ્ઞાનસાર, યોગશાસ્ત્ર, યોગસાર, વિતરાગસ્તોત્ર, શાંતસુધારસ, અધ્યાત્મકલ્પદ્રુમ, હૃદયપ્રદીપ, તત્ત્વાર્થ, પંચસૂત્ર...'

જેમ બે વ્યક્તિ એક પછી એક ચઢાવામાં આગળ વધતા હોય અને ત્રીજી પાર્ટીએ શૃંખલામાં જોડાય તેમ બે મહાત્માઓ ગ્રંથના નામોના ક્રમમાં આગળ વધતાં હતા તેટલામાં ત્રીજા મહાત્મા બોલ્યા 'કલ્પસૂત્ર ?'

સાહેબજીએ મૌનને વિરામ આપ્યો. 'દાદા ગુરુદેવે ગોખાવેલું છે. પણ ત્યારે મેં શરત મૂકેલી કે સળંગ પંદર પક્ખી પ્રતિક્રમણના બધા સૂત્રો બોલવાના આદેશ આપો તો હું કરી આપું.' આટલું બોલી સાહેબજી હસી પડ્યા.

મહાપુરુષોની શરતોમાં પણ ધર્મની સોડમ રેલાતી હોય છે. એક લેખકે લખ્યું છે કે, A Size of a man can be measured from the size of his demands. સાહેબજીની શરતો પણ પોતાનું મૂંઠ ઊંચેરૂં વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડે છે.

ગ્રંથોના નામ આગળ બોલવા જતા હતા ત્યાં સાહેબજી બોલ્યા 'ચલો; પ્રતિક્રમણનો સમય થઈ ગયો છે'

હજુ ઘણા ગ્રંથો સાહેબજીએ ગોખ્યા હશે પણ તે આજ દિન સુધી અછતા છે.

બધા મને જુવે, બધા મને બોલાવે, બધા મને ઓળખે, બધા મારી જ વાત કરે આવા સ્વકેન્દ્રીયુગમાં પોતાની વાતો થતી હોય ત્યારે અણગમો વ્યક્ત કરવો તે મહાપુરુષનાં ભીતરમાં રહેલા અપ્રતિમ ગુણવૈભવની મુખરિત અભિવ્યક્તિ છે.

આવા ઉત્તમ મહાપુરુષ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના આચાર્ય પદવીના ૩૩ માં વર્ષના પ્રવેશ દિને તેમને નત મસ્તકે વંદન કરી પ્રભુને પ્રાર્થનાનું પુષ્પ અર્પીએ કે પૂજ્યપાદશ્રીને સ્વાસ્થ્ય પૂર્ણ દીર્ઘાયુ પ્રદાન કરો !!!

જય હો ! ઈતિ શમ્....

# એક વચનથી અજવાળું

(૧) પરિસ્થિતિ બદલાય કે નહિ; આપણે પરિસ્થિતિને આત્મહિતમાં બનાવવી. પરિસ્થિતિ પુણ્યથી બદલાય છે. મન આપણે જાતે બદલી શકીએ છીએ.

- ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨) નિર્મોહી બનવું એ મહાન સાધના છે.

- આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩) ઉત્તમ પ્રવૃત્તિઓના આધારે ઉત્તમ ભાવો જ જાગવા જોઈએ. ઉત્તમ ભાવોના બદલે ભિન્ન ભાવો જાગવા માંડે તો સાધકની નિષ્ફળતા છે.

- આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪) ભગવાનના વચન અજ્ઞાનના અંધારાને દૂર કરે છે.

- આચાર્ય શ્રી જગત્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૫) गई संपत्ति पुन: मिलेगी, गये वादल वापिस आयेंगे पर एक बार हाथ से अवसर निकल गया, पुन: मिलना कठिन है ।

- આચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૬) સુખની તમારી વ્યાખ્યા શું ? તમે ખાધે પીધે સુખી કે ? પૈસે ટકે સુખી ? જેટલું પૈસાનું સુખ વધતું જાય એટલું ખાવાનું સુખ ઓછું થતુ જાય. પુણિયો શ્રાવક ખાધે-પીધે સુખી હતો. શ્રેણિક પૈસે ટકે સુખી હતો. સુખ કોનું વધારે હતું ? શ્રેણિકનું કે પુણિયાનું ?

- આચાર્ય શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૭) સંબંધ એ પુસ્તક જેવા છે. લખતા એક મહિનો, વાંચતા એક દિવસ, ફાડતાં એક કલાક, બાળી નાખતા એક મિનીટ.

- આચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૮) દુઃખ એ કદાચ જીવનનો ભાર છે પરંતુ પાપ એ તો જીવનનો શ્રાપ છે. શેનાથી બચવું છે, ભાર કે શ્રાપથી ?

- આચાર્ય શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૯) તમારે જો તમારા સ્વતન્ત્ર (કે સ્વચ્છન્દ) વિચારોને જ ફેલાવવા છે, તો મહેરબાની કરીને કોઈ મહાપુરુષ કે શાસ્ત્રના વચનોને તેના સમર્થન માટે ટાંકવાની જરૂર નથી.

- આચાર્ય શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૦) જન્મ લેવો તે તમારા હાથની વાત નથી પણ નિષ્પાપ જીવન પસાર કરવું તમારા હાથની વાત છે. બિલ્ડર માત્ર તમને દિવાલનું ખોખું આપે, પછીનો શણગાર તમારે કરવાનો. જન્મ તો ખોખું છે.

- આચાર્ય શ્રી ચંદ્રજિત્સૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૧) આશરીરપવિત્રનેઅપવિત્ર કરે છે. આ શરીર શુદ્ધને અશુદ્ધ કરે છે. આ શરીર નિર્મલને મલિન કરે છે આ વારંવાર વિચારવું.

- આચાર્ય શ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૨) મારી પાસે જેટલું સારું છે તે પુણ્યકર્મનો પ્રભાવ છે, હું જેટલો સારો છું તે ધર્મનો પ્રભાવ છે, પછી અહંકાર શાનો કરવો ?

- આચાર્ય શ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૩) સ્વયંની પામરતાનું ભાન અને પ્રભુની પરમતાનું લક્ષ્ય જ પામરને પરમ બનાવનાર છે.

- આચાર્ય શ્રી પદ્મસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૪) સાહેબ અમારે કયો ધર્મ કરવો ? જે કરવાથી રાગ-દ્વેષ ઓછા થાય એવો ધર્મ કરવો.

- આચાર્ય શ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૫) પાપથી જીવન કલંકિત થાય છે. પુણ્યથી જીવન અલંકૃત થાય છે.

- આચાર્ય શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૬) માર્ગની પ્રાપ્તિમાં મુખ્ય અવરોધ તો માન અને મતાગ્રહ છે.

- આચાર્ય શ્રી વિશ્વકલ્યાણસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૭) આજ સુધીમાં સારા દેખાવાના પ્રયત્નો ઘણા કર્યા પણ તેના ૧૦૦માં ભાગ જેટલો પ્રયત્ન જો સારા બનવા આદર્યો હોત તો ક્યારનાય સારા બની ગયા હોય.

- આચાર્ય શ્રી અભયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૮) આપણી પાસે શું શું છે-તે યાદ કરી ઘમંડમાં રાચીએ છીએ અને આપણી પાસે શું જે જે નથી તે યાદ કરી દુર્ધ્યાનમાં રાચીએ છીએ.

- આચાર્ય શ્રી કુલબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૧૯) खुब सुरत नजर आनेवाली यह दुनिया एक नाटक शाला है । पुण्य और पाप इसके निर्देशक है ।

- આચાર્ય શ્રી યશોરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૦) ઉદ્યમી માણસ ત્રણથી બચી જાય. ૧) કુટેવ, ૨) કુસંગ અને ૩) ક્લેશ.

- આચાર્ય શ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૧) માણસ બે જગ્યાએ હાથ જોડે છે. ૧) નમસ્કાર કરતાં. ૨) અભિગ્રહ લેતાં. નમસ્કાર દ્વારા બે દિલ જોડાય છે, અને અભિગ્રહ દ્વારા પાપને આવવા માટેના દરવાજા ભીડાય છે.

- આચાર્ય શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૨) પશુ માનવ બની શકતા નથી પણ વ્યસનથી માનવ પશુ બની રહ્યો છે.

- આચાર્ય શ્રી રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૩) જેઓ સદાય વિવેક, ધૈર્ય અને સાહસનો સાથ નથી છોડતા તેઓ બધી જ પરીક્ષાઓમાં સફળ થાય છે.

- આચાર્ય શ્રી હરિકાંતસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૪) ધર્મ તો ATM છે.

- આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૫) ધર્મના આધારે પુણ્ય છે, ને પુણ્યના આધારે ધન, સાધન વગેરે છે. ધર્મનો આધાર છૂટી જાય એટલે પુણ્ય પરવારી જાય તો એના આધારે ટકેલા બીજા ધન-સાધન વગેરે ટકે ખરા ?

- આચાર્ય શ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૬) બંધન કહો કે શત્રુ કહો...જે છે એ આ જ છે. રાગ અને દ્વેષ...શત્રુને ઘરમાં રાખવા...પાળવા...પોષવા... ને એના દ્વારા સુખી થવું, એ જેમ શક્ય નથી, એમ આત્મઘરમાં રાગ-દ્વેષને સ્થાન આપીને સુખી થવું, એ શક્ય નથી. સુખનો માર્ગ પણ આ જ છે અને પરમપદનો માર્ગ પણ આ જ છે... રાગ-દ્વેષને દૂર કરી દો...

- આચાર્ય શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૭) Power-ful will વગર Will-Power Power-ful બનતો નથી.

- આચાર્ય શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૮) પોતાની ભૂલ જુઓ, બીજાની ખૂબી જુઓ.

- આચાર્ય શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૯) જાતને ઓળખો તમે જ્યાં જાઓ ત્યાં આનંદ આનંદ કે જ્યાંથી જાઓ ત્યાં આનંદ આનંદ ?

- આચાર્ય શ્રી જિનસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૦) ભારતની ભૌતિક સમૃદ્ધિનો આધાર પશુ છે અને આધ્યાત્મિક સમૃદ્ધિનો આધાર નારી છે.

- આચાર્ય શ્રી મલયકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૧) મનગમતામાં આનંદ થાય ત્યારે અને અણગમતામાં અફસોસ થાય ત્યારે આત્મા કર્મથી બંધાય છે.

- આચાર્ય શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૨) નિયત સમયે નિયત ક્રિયા કરવી તે જિનાજ્ઞાની સમર્પિતતા છે.

- આચાર્ય શ્રી હર્ષવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૩) પોતાના દોષોનો વિચાર તે ધર્મધ્યાન. પરના દોષોનો વિચાર તે આર્તધ્યાન છે.

- આચાર્ય શ્રી જિનેશરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૪) હે પ્રભુ ! આપને જે માન્ય હોય, મારી ભૂમિકાને જે ઉચિત હોય તથા આપની પાસે ઝડપથી પહોંચાડે તેવો મોક્ષમાર્ગ આપની કૃપાએ મળો.

- આચાર્ય શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

## પુસ્તક પ્રતિબિંબ

**(૧) શબ્દોનો ચમત્કાર** (પુસ્તક-૧૨૬) : લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી **ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ સાહેબ,** સંપાદક : પરમ પૂજ્ય મુનિશ્રી **કલ્પરત્નવિજયજી મહારાજ,** મૂલ્ય રૂા. ૩૦/-, પ્રાપ્તિ સ્થાન : **અજયભાઈ સેવંતીલાલ શાહ**-ડી-વિંગ, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર, પાંજરાપોળ લેન, મુંબઈ-૪૦૦૦૦૪.

**(૨) મારું ભારત, સારું ભારત** (૩૦૦ મું પુસ્તક) : લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી **વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ,** કિંમત રૂા. **૧૫૦/-,** પ્રાપ્તિ સ્થાન : **રત્નત્રયી ટ્રસ્ટ**-કલ્પેશભાઈ વિ. શાહ, ૧૪-ઈલોરા પાર્ક સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૦૭૯-૨૭૬૮૦૭૪૬

**(૩) નરક દુઃખ વેદના ભારી :** લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી **હેમચંદ્રસૂરિજી મહારાજ સાહેબ,** કિંમત રૂા. ૮૦/-, પ્રાપ્તિ સ્થાન : **જિનશાસન આરાધના ટ્રસ્ટ**-પ્રેમકુંજ, તુલસીબાગ સોસાયટી, હીરાબાગ ક્રોસીંગ, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. ૯૮૨૪૦૩૨૪૩૬

**(૪) સુખ તમારી રાહ જોઈ રહ્યું છે :**

**(૫) આનંદનું ઉપવન :**

**(૬) સ્વર્ગ અહીં જ છે :**

ઉપરોક્ત ત્રણે પુસ્તકના લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી **કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ,** દરેકની કિંમત **રૂા. ૪૦/-,** પ્રાપ્તિ સ્થાન : **જૈમિન જૈન**-પ્રેમકુંજ, તુલસીબાગ સોસાયટી, હીરાબાગ ક્રોસીંગ, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. ૯૮૭૯૦૨૮૭૦૨

**(૭) માનવતા** (જીવન દૃષ્ટિ માટે પ્યોર ઓક્સિજન) : કિંમત **રૂા. ૭૫/-**

**(૮) સફળ થવું છે ? :** કિંમત **રૂા. ૧૦૦/-,**

ઉપરોક્ત બે પુસ્તકના લેખક : **પ્રિયમ્,** પ્રાપ્તિ સ્થાન : **શ્રી નવભારત સાહિત્ય મંદિર**-૨૦૨, પેલિકેન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૮૩૭૮૭

**(૯) ધર્મ પરીક્ષા** (મહોપાધ્યાય યશોવિજયજી કૃત) : ભાગ-૧ કિંમત **રૂા. ૨૫૦/-**

**(૧૦) ધર્મ પરીક્ષા** (મહોપાધ્યાય યશોવિજયજી કૃત) : ભાગ-૨ કિંમત **રૂા. ૨૫૦/-,** વિવેચક : પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ,** પ્રાપ્તિ સ્થાન : **દિવ્યદર્શન ટ્રસ્ટ**-૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

**(૧૧) સુખી જીવનની માસ્ટર કી :** પરમ પૂજ્ય આચાર્યશ્રી **કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ,** પ્રાપ્તિ સ્થાન : **દિવ્યદર્શન ટ્રસ્ટ**-૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

**(૧૨) ઓઘો છે અણમૂલો** (૧૦૧ દીક્ષા ગીતોનો સંગ્રહ) : કિંમત **રૂા. ૨૦/-,** સંયોજક : પંન્યાસ પ્રવરશ્રી **રશ્મિરાજ વિજયજી મહારાજ,** પ્રાપ્તિ સ્થાન : **શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**-જયવંત ચોક, ગણપતિમંદિર રોડ, નંદુરબાર. (મહારાષ્ટ્ર)

**(૧૩) પ્રાર્થનાથી કાર્યસિદ્ધિ :** લેખક : પરમ પૂજ્ય મુનિરાજશ્રી **કલ્પરત્નવિજયજી મહારાજ,** કિંમત **રૂા. ૩૦/-,** પ્રાપ્તિ સ્થાન : **પ્રદીપભાઈ વી. શાહ**-૨૫૭, જવાહરનગર, રોડ નં. ૧૫, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૨.

**(૧૪) પાર્શ્વ કલિકુંડ મેરો મેરો :**

**(૧૫) શ્રી ઋષિમંડલ સ્તોત્ર, ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર સહિત શ્રી મંત્રાધિરાજ પાર્શ્વનાથ સ્તોત્ર :**

**(૧૬) સામુદાયિક બાર વ્રત સ્વીકાર નોંધ પત્રક :**

ઉપરોક્ત ત્રણ પુસ્તકોના સંપાદક : પરમ પૂજ્ય પંન્યાસશ્રી **પ્રશાંતવલ્લભવિજયજી ગણિ.**

**(૧૭) ભવ આલોચના** (હિન્દી) : સંકલન : પરમ પૂજ્ય આચાર્યશ્રી **રશ્મિરાજવિજયજી મહારાજ સાહેબ**

### : સચિત્ર મહાવીર ચરિત્ર :

સચિત્ર મહાવીર ચરિત્ર સૌપ્રથમવાર વિ.સં.૨૦૧૯ની સાલમાં જૈન માર્ગ આરાધક સમિતિ (આદોની) તરફથી હિન્દીમાં પ્રકાશન કરવામાં આવેલ. તેના પછી પ્રકાશિત થયેલા સચિત્ર ચરિત્રોમાં ઓછાવતા અંશે આનું પ્રતિબિંબ જણાઈ આવશે. સ્વ. પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની આ ચરિત્ર ગ્રંથને ફોર કલરમાં પુનઃમુદ્રણ કરાવવાની ઈચ્છા હોવા છતાં તેનું પુનઃમુદ્રણ થઈ શક્યું ન હતું.

સંવત ૨૦૭૧માં દિવ્યદર્શન ટ્રસ્ટે નવી સાજ-સજ્જા, નવા આકર્ષક સ્વરૂપમાં તેનું ગુજરાતી અને હિન્દી બંને ભાષામાં સાથે પ્રકાશન કરાવ્યું. અનંત ગુણોના ભંડારશ્રી તીર્થંકર દેવોનું સંપૂર્ણ ચરિત્ર વર્ણન દેવો માટેય અશક્ય હોય છે. છતાં બાલજીવોને સહેલાઈથી સમજાવા માટે સચિત્ર મહાવીર ચરિત્ર પૂજ્ય આચાર્યશ્રી **જયસુંદરસૂરીશ્વરજી મહારાજના** માર્ગદર્શનથી પ્રકાશન કરતાં અમને આનંદ થાય છે.

આ ચરિત્ર ગ્રંથમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના ૨૭ ભવો, પરમાત્માના અવિસ્મરણીય પ્રસંગો, શાલીભદ્ર, સુલસા આદિ શ્રાવક-શ્રાવિકાઓના ચરિત્રો સહિતનું સચિત્ર પ્રકાશન છે. આ નૂતન પ્રકાશનને સૌ વધાવી લેવા સાથે મંગાવી લેશો.

રૂા. ૬૦૦/- ની કિંમતનું પુસ્તક રૂા. ૩૦૦/- માં દિવ્યદર્શન ટ્રસ્ટ તરફથી મળશે.

લિ. દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ. ફોન : (૦૨૭૧૪) ૨૨૫૯૮૧, ૨૨૫૪૮૨

# તપોગાનમ્

કલિકાલ કલ્પતરૂ શ્રી કલિકુંડ પાર્શ્વનાથના ધામ શ્રી કલિકુંડ તીર્થ-ધોળકા મુકામે પૂજ્યપાદ સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શીતલ-સન્નિધિમાં અનેકવિધ ધર્માનુષ્ઠાનોની હારમાળા રચાઈ હતી. આ હારમાળાના અંતિમ શિખર-સ્વરૂપ મહા સુદ ૭ ના ઉજવાયેલ શ્રી ભદ્રતપનો પારણા-ઉત્સવ પણ પૂર્વના પ્રસંગોની જેમ ઉલ્લાસમય રહ્યો.

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના પ્રશિષ્ય તેમજ પૂજ્યપાદ સંઘશાસન કૌશલ્યાધાર આચાર્યદેવ **શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજ**શ્રી પ્રિયદર્શીવિજયજી મહારાજ** કે જેમણે પૂર્વે સિદ્ધિતપ-શ્રેણીતપ-૫૧ ઉપવાસ-૫૯ ઉપવાસ-બૃહદ્ ધર્મચક્રતપ વગેરે અનેકવિધ તપસાધનાઓ કરી છે તેમનું મહા સુદ ૭ ના દિવસે શ્રી ભદ્રતપ (૧૦૦ દિવસમાં ૭૫ ઉપવાસ)નું પારણું યોગાનુયોગ કલિકુંડ તીર્થ મુકામે આવતું હતું.

આ પુણ્ય અવસરે પૂજ્યપાદ **ગચ્છાધિપતિશ્રી** આચાર્ય ભગવંતો, પદસ્થો-મુનિભગવંતો-સાધ્વીજી ભગવંતો તેમજ શ્રી સંઘના પગલાં કલિકુંડ તીર્થના ટ્રસ્ટી સુશ્રાવક **ડૉ. નટુભાઈ કે. શાહ**ના નિવાસસ્થાને થયાં. પગલાં બાદ માંગલિક પ્રવચનમાં પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબે** આશાવલ્લી નગરી (પ્રાચીન અમદાવાદ)ના ભાવસાર શ્રાવિકા રાજીમતીના નવ્ય અજ્ઞાત વૃત્તાંતની વાત લઈ ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કથાનકનો તંતુ તપસ્વી મુનિશ્રી સાથે જોડતાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે સમતા, ક્ષમા, નમ્રતા સાથે આદરેલી તપશ્ચર્યા જ શ્રેષ્ઠ ફળદાયી બને છે. મુનિશ્રીએ પણ પોતાના જીવનમાં વયસ્થવિર મુનિ**શ્રી શોભનવિજયજી**ની સમતાપૂર્વક શુશ્રુષા કરેલી છે. સેવા-વૈયાવચ્ચ સાથે તપોસાધના અને જ્ઞાનસાધના કરી રહ્યા છે. તે ખરેખર આલંબન સ્વરૂપ છે.

પ્રાસંગિક પ્રવચનમાં પૂજ્ય પ્રભાવક પ્રવચનકાર આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે** પણ શાંતસુધારસ ગ્રંથની નિર્જરા ભાવનાને ટાંકવાપૂર્વક તપધર્મનું મહિમાગાન કર્યું હતું. પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રીને બિરદાવતાં આચાર્યશ્રીએ જણાવેલ કે શરીર ઉપર ચામડીનું પડ હોય, તેની ઉપર વસ્ત્રો હોય, તેની ઉપર આભૂષણો હોય, શરીર ઉપર ચામડીનું પડ જીવનભર ચોંટેલું હોય, વસ્ત્રો શરીર પર દિવસભર હોય, જ્યારે આભૂષણો પ્રાસંગિક હોય તેમ આપણને નવકારશી ચામડીની જેમ જીવનભર વળગેલી છે. અને ઉપવાસ આભૂષણની જેમ પ્રાસંગિક છે જ્યારે મુનિશ્રી માટે નવકારશી આભૂષણની જેમ પ્રાસંગિક છે અને ઉપવાસ ચામડીની જેમ તેમના પિંડ સાથે એકમેક થઈને વણાયેલ છે....

માંગલિક પ્રવચન બાદ **ડૉ. નટુભાઈ કે. શાહ** પરિવારજનો તથા મુનિશ્રીના સંસારી **માતુશ્રી-પિતાશ્રી અમરીબેન સુરેશચંદ્રજી બરડિયા (રાયપુર, છ.ગ.) પરિવારે** ગુરૂપૂજન, સંઘપૂજન વગેરેનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ઉપસ્થિત સહુ ભાગ્યશાળીઓની પ્રભાવના તથા નવકારશી-ભક્તિ વગેરેનો લાભ **ડૉ. નટુભાઈએ** લીધેલ હતો.

ત્યારબાદ પૂજ્યપાદ **ગચ્છાધિપતિશ્રી** આદિ સર્વે સેવાકુશલ કલિકુંડ તીર્થના ટ્રસ્ટી **મહેન્દ્રભાઈ,** દિવ્યદર્શન અને વર્ધમાન સેવા કેન્દ્ર સહિત **કુમારપાળભાઈ વિ. શાહ**ને ત્યાં પગલા કરી માંગલિક સંભળાવ્યું હતું.

પૂજ્ય મુનિશ્રી આગળ પણ આવી દીર્ઘ તપશ્ચર્યાઓ આરાધવાની ભાવના રાખે છે. શાસનદેવતા તેમને સામર્થ્યપ્રદાન કરે એવી શુભ-ભાવના સેવીએ....

# પૂજ્ય મુનિશ્રીનો સંઘભૂષણ શ્રી કલ્પેશભાઈ વિ. શાહને લખેલ પ્રેરક પત્ર

ભાદરવા સુદ ૭, ઊંઝા

પ્રભુશાસન આરાધક સુશ્રાવક કલ્પેશભાઈ
જોગ ધર્મલાભ !

દેવગુરુ કૃપાથી અત્રે સહુ શાતામાં છીએ.

તમારી ધર્મ-આરાધના સારી ચાલતી હશે.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીની તમે જે હૃદયપૂર્વક સેવના કરી છે તેની પ્રશંસા માટે જેટલુ લખીએ તેટલુ ઓછુ છે. ગુરુદેવશ્રીના હૃદયને મનને શાતા આપવામાં તમે નિમિત્ત બન્યા અને તેઓશ્રીની કૃપા તમારી ઉપર ચોમેરથી વરસી. બસ, એ કૃપા-કરુણા અને તમારા પુરુષાર્થના સહારે-પ્રભાવે ધર્મ આરાધનામાં આગળ વધશો. સમય પસાર થતા ક્યાં વાર લાગે છે ? આત્માની શુદ્ધિ કરવા જે જે મંગલકારી અનુષ્ઠાનો-ધર્મવિધાનો તમને પૂજ્ય ગુરુદેવશ્રીએ જણાવ્યા હોય તે ચાલુ રાખશો. જવાબદારીમાંથી થોડા Relax થઈ સ્વ-કલ્યાણની પગદંડીએ પણ આગળ વધવાનું થાય અને એ માર્ગ અનેકોને પ્રેરણાદાયી પણ બની શકે. શ્રાવક જીવનનું ધર્મ સામ્રાજ્ય તમારામાં વિસ્તારજો.

અનેકોના જીવનમાં તમે પ્રેરણા, હિંમત, બળ અને ઉત્સાહનું સીંચન કર્યું છે. મારા દીક્ષાજીવનની સ્વીકૃતિમાં પણ તમારા હૃદયની ઊર્મિઓ ભળેલી છે અને તેથી જ તો આજે સંયમજીવનમાં પ્રભુ-ગુરુની કૃપાથી જીવવાનું સદ્ભાગ્ય મને મળ્યુ છે. પ્રભુને પ્રાર્થુ છું કે તમારા જીવનમાં પણ ધર્મની ઉત્તરોત્તર વૃદ્ધિ થાઓ.

મારા ઉપકારી શ્રાવક તરીકે હરહંમેશ તમે સ્મૃતિમાં રહેશો. આ પૂજ્ય ગુરુદેવશ્રી સાથે મિલન કરાવવામાં પણ તમે નિમિત્ત બન્યા. મારી અગણિત શુભેચ્છાઓ Feelings તમારી સાથે છે અને અંતઃકરણપૂર્વક ઈચ્છુ છુ કે તમે ધર્મ આરાધવામાં ક્યાંય કચાશ રાખશો નહીં.

અત્રેથી પૂજ્ય પંન્યાસશ્રી વિરાગરત્નવિજયજી મહારાજ, પૂજ્ય મુનિશ્રી ભક્તિરત્નવિજયજી મહારાજ, પૂજ્ય મુનિશ્રી નિસર્ગરત્નવિજયજી મહારાજ આદિ સર્વ મહાત્માઓ તમને ધર્મલાભ+યાદ વિદિત કરે છે. સહુ તમને સાંવત્સરિક ક્ષમાપના પણ જણાવે છે.

ઘરના તમામ સભ્યોને ધર્મલાભ-યાદી અને આરાધનામાં આગળ વધવા અંતરથી અનુરોધ. સહુ પ્રભુશાસનની પ્રાપ્તિ સફળ બનાવો તે શુભાભિલાષા.

**એજ..**
**દેવર્ષિરત્નવિજયજી મહારાજ**

**મોક્ષે જવા પરિણતિ પ્રધાન છે. એના માટે અંતર્મુખતા, આત્મગુણોના વિકાસની લાગણી, કષાય-નોકષાય અને તેની લાગણીઓની મંદ-મંદતરતા અનિવાર્ય છે જે કેળવવા સજાગ રહેવું. પુણ્ય અને ક્ષયોપશમભાવની શક્તિઓ પર ફક્ત નિર્ભર ન બનવું.**

**શારીરિક ઘડપણથી આત્માના કર્મો અને અસર-લાગણીઓ વૃદ્ધત્વ પામતી નથી. આપણું કર્તવ્ય ચિંતન અને ભાવનાજ્ઞાન દ્વારા અનુભવ અને સ્વભાવરૂપ બનવાનું છે.**

**પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ**
**શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

# સમાચાર સાર

**સુરેન્દ્રનગર :** પરમ પૂજ્ય આચાર્યશ્રી **અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં શ્રી સુરેન્દ્રનગર જૈન સંઘમાં અનેક શાસન પ્રભાવક કાર્યો સંપન્ન થયા. શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનની ૧૨૫ મી સાલગીરિ તથા પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી પુણ્યશેખરવિજયજી મહારાજ**ની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીના પારણા નિમિત્તે ૨૮૯ વર્ધમાન તપના વિક્રમસર્જક પાયા નંખાયા. ચાતુર્માસ દરમ્યાન ૧૨૦૦૦ થી વધુ આયંબિલ તપ થયા. પૂજ્ય આચાર્ય ભગવંતના ૬૨ મા જન્મદિવસે ૩૫૦ સાધર્મિક પરિવારોને ભક્તિકીટ, ૧૧૦ અંધજનોને અનુકંપા દાન તથા અન્ય સ્પર્ધાના આયોજન થયા હતા. ચાતુર્માસ દરમ્યાન શ્રી સુરેન્દ્રનગર જૈન સંઘ તથા શ્રી વઢવાણ જૈન સંઘના નેજા હેઠળ લગભગ ૧૫૦ જેટલા સાધર્મિક પરિવારોની ખૂબ ઊંચી અને વિશિષ્ટ ભક્તિ માતબર રકમ અર્પણ કરીને કરવામાં આવી હતી.

શ્રી ઉપધાન તપની આરાધના પણ સુંદર રીતે સંપન્ન થઈ હતી. જેનો લાભ સંઘના ટ્રસ્ટી **શ્રી કિશોરભાઈ કુવડીયા પરિવાર** તથા **ગુરુભક્ત પરિવાર (મુંબઈ)** એ લીધો હતો. ઝાલાવાડના વિવિધ સંઘોએ દીક્ષાની બોલીની આવકમાંથી ખૂબ જ સારી રકમ વિવિધ વિહારધામો માટે ફાળવી હતી. માળારોપણના દિવસે 'વિહાર સેવા ગ્રુપ'ની સ્થાપના થઈ હતી. ઉપરાંત ૭૫૦૦ ફૂટનો વિશાળ ડોમ આરાધનાર્થે બનાવ્યો હતો તેનો લાભ ગુરુભક્ત પરિવાર અને સમકિત ગ્રુપ દ્વારા લેવામાં આવ્યો હતો. જેનું નામ 'પૂજ્ય આચાર્યશ્રી ભુવનભાનુસૂરિ આરાધના મંડપ' રાખવામાં આવ્યું હતું. આવા અનેક અનુષ્ઠાનો અને કાર્યોથી સમગ્ર ચાતુર્માસ ખૂબજ યશસ્વી અને આરાધનાયુક્ત બન્યું હતું.

**શંખેશ્વર તીર્થ :** પરમ પૂજ્ય આચાર્યશ્રી **ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્યશ્રી **રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય આચાર્યશ્રી **રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ વિશાળ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રામાં ૭૦૦થી વધુ આરાધકો શ્રી ઉપધાન તપમાં જોડાયા હતા. માલવાડા (રાજસ્થાન) નિવાસી **સવિતાબેન પન્નાલાલ છોગમલ પરિવાર** આયોજિત અને માગસર સુદ ૩ ના શુભ દિને આરંભ થયેલી આ તપ સાધનામાં વિદેશમાંથી પણ અનેક આરાધકો આવીને જોડાયા હતા. ગાયકવાડ પેલેસ જેવી પ્રતિકૃતિ 'મહારાજા અશ્વસેન રાજમહેલની વિશદ રચના પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી. કુલ ૩૨૫ મોક્ષમાળ થઈ હતી. આ પૂર્વે શ્રી શાહીબાગ-ગિરધરનગર સંઘના ઉપક્રમે શ્રી શંખેશ્વર તીર્થનો છ'રી પાલિત સંઘ કારતક વદ ૪ નાશુભ દિને શરૂ થયો હતો. અને તીર્થ માળ કારતક વદ ૧૩ના દિને સંપન્ન થઈ હતી.

આ દરમ્યાન પરમ પૂજ્ય આચાર્યશ્રી **રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની ૯૫ મી ઓળીની પૂર્ણાહૂતિ, પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી વિબુધરત્નવિજયજી મહારાજ**ના વર્ષીતપની અનુમોદનાર્થે અને પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી સમકિતરત્નવિજયજી મહારાજ**ના ૧૦૮ અઠ્ઠમતપની પૂર્ણાહુતિ નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવ ઉજવાયો હતો જેમાં શક્રસ્તવ અભિષેક, આચાર્યપદ વધામણા અને ૧૦૮ પાર્શ્વ પ્રભુ મહાપૂજન જેવા આનંદદાયી અનુષ્ઠાનો યોજાયા હતા.

**પાલીતાણા :** પરમ પૂજ્ય આચાર્યશ્રી **અક્ષયબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શુભ નિશ્રામાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિની ગોદમાં જે.એલ.ટી. જૈન સંઘના આયોજને એન.આર.આઈ.યાત્રિકો માટે ૯૯ યાત્રાનું યાદગાર અને અદ્‌ભુત આયોજન થયું.

૬ વર્ષના ૨૪ બાળકોથી લઈને ૭૮ વર્ષની જૈફ વયના વડીલો જેઓ દુબઈ, આફ્રીકા, અમેરીકા, ઓસ્ટ્રેલિયા, કેન્યા, સીંગાપુર, બેંગકોક, ઓમાન તેમજ યુ.કે. જેવા નવ દેશોમાંથી યાત્રાર્થે પધાર્યા હતા. ૧૦૦થી વધુ યાત્રિકોએ ચોવિહારા છઠ્ઠ સહિતની સાતયાત્રા પણ સંપન્ન કરી હતી.

પૂજ્યશ્રીની પ્રરક વાણીથી સહુ આરાધકોમાં રોજ શક્તિસંચાર થતો. ૯૯ની પૂર્ણાહૂતિ પ્રસંગે મહાસ્નાત્ર પૂજાનું આયોજન, યાત્રિક બહુમાનાદિના કાર્યક્રમો યોજાયા હતા. ગિરિરાજની આરાધના કરતાં કરતાં સમસ્ત આરાધકો દાદા આદિનાથ પ્રભુ સાથે લયલીન બન્યા હતા.

**ખંભાત :** પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી મેરૂચંદ્રવિજયજી મહારાજ** તથા પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી હિરણ્યબોધિવિજયજી મહારાજ**ની શુભ નિશ્રામાં શ્રી સ્થંભણ તીર્થ ખંભાતના આંગણે સમસ્ત જિનાલયોમાં પ્રભુજીને સામુદાયિક અભિષેક અને ભવ્યાતિભવ્ય મહાપૂજાનું આયોજન માગસર વદ ૧ અને માગસર વદ ૨ દરમ્યાન સાનંદ સંપન્ન થયું. સાત સંઘનું સ્વામિવાત્સલ્ય પણ એકજ સ્થળ ઉપર આનંદ સહિત પૂર્ણ થયું હતું. ભવ્યાતિભવ્ય ત્રિદિવસીય મેરુ અભિષેક અને ખંભાતના પ્રાચીન ૭૭ જિનાલયોમાં મહાઅભિષેકમાં અનેકાનેક લોકો ઉપસ્થિત રહી આરાધના કરી હતી.

**ગઢડા-બોટાદ :** પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી પદ્મદર્શનવિજયજી મહારાજ**ની શુભ નિશ્રામાં ગઢડા જૈન સકલ સંઘ મધ્યે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના પોષ દશમીના સામૂહિક અઠ્ઠમ તપની આરાધનામાં શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી દેરાવાસી સંઘ, શ્રી ભાવસાર સમાજ, શ્રી સોમાણી પરિવાર અને સ્વયં પંન્યાસજીની અઠ્ઠમ આરાધનામાં ૫૯ આરાધકો જોડાયા હતા. જેમાં ૮ થી લઈને ૮૦ વર્ષની વયના આરાધકો જોડાયા હતા. દરેક તપસ્વીની ખૂબ જ ઉદારભાવે ભક્તિ કરી, સુંદર બહુમાન કરવામાં આવ્યું હતું.

### પૂજ્ય આચાર્યશ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ સૂરિ સમુદાયમાં સં.૨૦૭૨ માં થયેલ નૂતન દીક્ષિતની યાદી

**સંસારી નામ :** સુરેશભાઈ
**દીક્ષિત નામ :** પૂજ્ય મુનિશ્રી સંવેગયશવિજયજી
**ગુરૂનું નામ :** પૂજ્ય મુનિશ્રી સુયશવિજયજી મહારાજ
**દીક્ષા તિથિ :** પોષ સુદ ૮, રવિવાર, ૧૭-૧-૨૦૧૬
**દીક્ષા સ્થળ :** ગોરેગામ-જવાહરનગર
**મૂળ વતન :** આજોલ (ઉત્તર ગુજરાત)
**જન્મ તારીખ :** ૨૫-૨-૧૯૫૨ **ઉંમર :** ૬૪ વર્ષ
**માતાનું નામ :** કંકુબેન **પિતાનું નામ :** ચંદુલાલ બોઘાચંદ

### સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબનો સંભવિત કાર્યક્રમ

| તિથિ | વાર | તારીખ | વિગત |
|---|---|---|---|
| મહા સુદ ૧૪ થી | રવિવારથી | ૨૧-૨-૧૬થી | સોમેશ્વર જૈન સંઘ-સેટેલાઇટ, પૂજ્ય ગચ્છાધિપતિશ્રી આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૩૩ મા આચાર્ય પદ દિન મહા સુદ ૧૩ની શાનદાર ઉજવણી (મહા સુદ ૧૪ રવિવાર, તા.૨૧-૨-૧૬) સોમેશ્વરમાં પ્રાયઃ ૨૦ દિવસની સ્થિરતા |
| મહા વદ ૧૨ | રવિવાર | ૬-૩-૧૬ | યુથ શિબિરનું આયોજન |
| ફાગણ સુદ ૫ | રવિવાર | ૧૩-૩-૧૬ | પૂજ્ય સાધ્વીશ્રી ઉજ્જવલધર્માશ્રીજીના સંયમ જીવનના ૫૦ વર્ષ પૂર્ણાહૂતિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમ સાંજે વિશિષ્ટ અંગરચના |

તા.ક. : ૧) ફાગણ વદ ૩ શનિવાર ૨૬-૩-૧૬ વિદ્યુતભાઈ કેશવલાલ શાહના આંગણે એમની ૧૦૦મી ઓળી પારણા નિમિત્તે પગલા દેવકીનંદન જૈન સંઘ

૨) ચૈત્રી ઓળીની આરાધના ગિરધરનગર શાહીબાગ મધ્યે

-: સંપર્ક સૂત્ર - પત્ર વ્યવહાર :-

જયેશભાઈ સી. ભણસાલી - રૂચી ડાયમન્ડ : એસ/૬, વિશાલ કોમર્શીયલ સેન્ટર, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૮૪૯૩૯, ૨૬૫૮૧૧૦૮ પિનુભાઈ : મો. ૯૫૩૭૨૭૭૦૯૨

## પરમ પૂજ્ય સાધ્વીશ્રી હર્ષપૂર્ણાશ્રીજી અમદાવાદ ખાતે કાળધર્મ પામ્યા

સાધ્વીજીશ્રી **હર્ષપૂર્ણાશ્રીજી** સંવત ૨૦૭૨ પોષ સુદ ૨, સોમવાર તા. ૧૧-૧-૨૦૧૬ ની સાંજે ૬-૩૦ કલાકે અમદાવાદ ખાતે સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે.

વિ.સં. ૧૯૯૨માં માગસર વદ ૩ ના ખંભાતમાં **માતુશ્રી ચંપાબેન ભોગીલાલ**ની કુક્ષિથી જન્મ લઈ સુસંસ્કારોથી બાલ્યવય વિતાવ્યા બાદ ગુરુજનોના પરિચયથી વૈરાગી બની વિ.સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ પૂજ્ય આચાર્યદેવ**શ્રી ભક્તિસૂરિજી મહારાજ સાહેબ**ના વરદ હસ્તે ખંભાત મુકામે વૈરાગ્ય વારિધિ પૂજ્ય આચાર્યદેવ**શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ સાહેબ**ના સમુદાયમાં માતૃહૃદયા પૂજ્ય સાધ્વીજી **શ્રી રોહિણાશ્રીજી**ના શિષ્યા તરીકે દીક્ષિત બન્યા. ચારિત્ર સ્વીકારની સાથેજ જ્ઞાનાભ્યાસ વડિલો અને ગુરુસમર્પણ ભાવના પ્રતાપે આખા સમુદાયમાં આગવી ઓળખ બની ગયા. જીવનના છેલ્લા શ્વાસ સુધી સતત પૂજ્ય આચાર્ય, ઉપાધ્યાય, મુનિભગવંતાદિ તથા સાધ્વી સમુદાયમાં પરોપકારી, ભક્તિ, વૈયાવચ્ચી તરીકે કાર્યરત રહ્યા. નાજૂક અને નાદુરસ્ત તબિયતે પણ અવસરોચિત દરેક પ્રસંગોમાં હાજરી આપતા. તેમના પરિચયમાં આવનારે પ્રાયઃ કરીને ક્યારેય તેઓને ઉંચા અવાજે બોલતા જોયા નથી. બુદ્ધિ-યાદશક્તિ અદ્ભુત હોવાથી સદાય સહુને દરેક કાર્યમાં ઉપયોગી બનતા. આવા અનેક ગુણોથી મઘમઘતું તેમનું સંયમજીવન આપણને સહુને ગુણવાન બનાવે એજ.

તેમના શિષ્યા સાધ્વીશ્રી **વિનયરત્નાશ્રીજી**એ સતત તેમનો પડછાયો બનીને સેવા ભક્તિ કરેલ છે. તથા સાધ્વીશ્રી **ઉજ્જવલધર્માશ્રીજી** ના પૂરા ગૃપે પણ ખુબજ સારી રીતે અનુમોદનીય સેવા-ભક્તિ કરેલ છે.

કાળધર્મના દિવસે સવારે પૂજ્ય મુનિશ્રી **હર્ષબોધિ વિજયજી મહારાજ**ને ખાસ બોલાવી વાસક્ષેપ-માંગલિક લીધા. સાંજે વોસિરાવવાની વિધિ માટે પણ તેઓશ્રી પધારેલ.

સ્વ. સાધ્વીશ્રીના સંસારી પરિવાર, શ્રી રોહીણાશ્રીજી સ્વાધ્યાય મંદીરના ટ્રસ્ટ મંડળ તથા નવકાર સંઘ ટ્રસ્ટ તેમજ આજુબાજુમાં વસતા શ્રાવક પરિવારોએ ખૂબ સારી ભક્તિ કરી છે.

પોષ સુદ-૩ ના સવારે તેઓની પાલખી યાત્રામાં વિશાળ સંખ્યા ઉપસ્થિત હતી. ચઢાવા વગેરે પણ સારી રીતે સંપન્ન થયેલ છે. નવકાર યુવક મંડળ, પાલખી મંડળના યુવાનો અને **ડૉ. કેતનભાઈ, ડૉ. નિખીલભાઈ** વગેરેનો પણ સહયોગ સારો મળેલ છે.

પૂજ્ય સ્વ.આચાર્ય ભગવંત**શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પૂજ્ય સ્વ.આચાર્યદેવ**શ્રી ત્રિલોચન સૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પૂજ્ય આચાર્ય**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પૂજ્ય આચાર્ય **શ્રી ધનપાલસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય**શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પૂજ્ય આચાર્ય**શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** અને વર્તમાન સાધ્વી ગણનાયક પૂજ્ય આચાર્યદેવ**શ્રી અભયશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય ઉપાધ્યાય**શ્રી વિમલસેનવિજયજી મહારાજ**, પૂજ્ય પંન્યાસ**શ્રી નંદીભૂષણવિજયજી મહારાજ** આદિના આજ્ઞા આશીર્વાદ સતત મળતા રહ્યા છે.

**પરમ પૂજ્ય સાધ્વીશ્રી ભાગ્યોદયાશ્રીજી**

(અનુસંધાન પાના નં. ૬૮ નું)

પંચાવન હજાર રૂપિયા તીર્થના સર્વસાધારણ ફંડમાં લખાવેલ. એજ રીતે જીવદયામાં પણ એટલી જ રકમ લખાવેલ. પધારેલ અનેક ભાગ્યશાળીઓએ પણ જીવદયામાં સુંદર લાભ લીધેલ.

શ્રી કલિકુંડ તીર્થ પેઢી અને સંઘે પણ ઉપધાન તપ આયોજક પરિવારનું બહુમાન કરેલ. આ પ્રસંગે **કુમારપાળભાઈ, કલ્પેશભાઈ, પ્રકાશ વસા, જયુભાઈ, જયેશભાઈ** આદિ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

પાંચેય દિવસ સહુની બેસાડીને સાધર્મિક ભક્તિ થયેલ.

માળના દિવસે લગભગ છ હજાર ભાવુકોનો લાભ મળેલ.

પાંચેય દિવસ પરમાત્માની ભવ્ય-અતિભવ્ય અંગરચના અમદાવાદના પ્રભુભક્ત સુશ્રાવિકા **કોમલબેને** કરેલ.

### ગૌતમસ્વામી પૂજન :

મહોત્સવના પાંચમા અને અંતિમ દિવસે પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની એક વર્ષ પૂર્વે-મેરૂતેરસના મંગળ દિવસે થયેલ આચાર્યપદવીની સ્મૃતિમાં ગૌતમસ્વામી પૂજનનું આયોજન તા.૬-૨-૧૬ના સવારે થયું. લાભાર્થી પરિવાર તથા ગુરુભક્તોએ ગૌતમસ્વામીની પાદુકા, મૂર્તિ, કે યંત્ર સમક્ષ બેસીને સંપૂર્ણ પૂજન કરેલ. વિધિકાર **શ્રી હેમુભાઈ**એ અત્યંત શુદ્ધિ અને શાંતિપૂર્વક પૂજન ભણાવેલ. પધારેલ સહુનું રજત મુદ્રાથી બહુમાન થયેલ. આજના દિવસે કલિકુંડ તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્ય**શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની સ્વર્ગારોહણ તિથિ હોઈ પ્રવચન દરમિયાન પૂજ્યશ્રીના ગુણાનુવાદ થયેલ.

### V.S.G. કેપ્ટન સંમેલન :

મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત અને કચ્છના વિવિધ શહેરોમાંથી વિહાર સેવા ગૃપનાં ૧૫૦ થી વધુ કેપ્ટનો તથા મેમ્બરો પોષ વદ ૧૪ રવિવારે કલિકુંડ તીર્થે પધારેલ. પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**નું પ્રેરક પ્રવચન તેમજ અનેકવિધ મુદ્દાઓ પર ચર્ચા થયેલ. કાર્યક્રમ દરમિયાન મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતના ગૃપના કેપ્ટનો અને તેમના મોબાઈલ નંબરના કાર્ડનું ઉદ્ઘાટન થયેલ. સુશ્રાવક **પીયુષભાઈ માણેકલાલ શાહ** પધારેલ સહુનું ૧૦૦ રૂા. થી બહુમાન કરેલ તેમજ વિહાર સેવા ગૃપનાં ફંડમાં સુંદર યોગદાન કરેલ.

### જન્મદિન ગુણાનુવાદ :

સંયમૈકલક્ષી પૂજ્ય આચાર્ય**શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના પોષી અમાસના ૮૮ મા જન્મદિન નિમિત્તે ગુરુભક્તો, સાંસારિક સ્વજનો દ્વારા ગુરુગુણ ગુણાનુવાદનું અને સમૂહ સામાયિકનું આયોજન થયેલ. જેમાં વિવિધ પૂજ્યોએ પૂજ્યશ્રીની સંયમનિષ્ઠા, તાર્કિકતા, સમર્પિતતા, શાસનસેવા આદિ અનેક ગુણો પર પ્રકાશ પાથરેલ. ઉપાસના મંદિરના ટ્રસ્ટી અને વિદ્યાર્થીઓએ પણ પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરેલ. પધારેલ સહુને પ્રભાવના, સાધર્મિક ભક્તિ તેમજ પરમાત્માની ભવ્ય અંગરચના થયેલ.

### ભદ્રતપ પૂર્ણાહૂતિ :

કલિકુંડ તીર્થમાં પરમ તપસ્વી પૂજ્ય મુનિ**શ્રી પ્રિયદર્શીવિજયજી મહારાજ**ના ભદ્રતપની પૂર્ણાહૂતિ નિમિત્તે મહા સુદ ૭ ના રવિવારે સવારે પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘના સસ્વાગત **ડૉ. નટુભાઈ**ના ગૃહાંગણે પગલા થયા. પૂજ્યોના પ્રવચનો થયા. લાભાર્થી પરિવાર તેમજ તપસ્વી મુનિશ્રીના સંસારી માતા-પિતાએ પૂજ્યોને કામળી વહોરાવી. ત્યારબાદ લાભાર્થી પરિવાર તરફથી પધારેલ સહુની નવકારશી ભક્તિ થઈ.

### ધોળકા તાલુકા શિક્ષક પ્રવચન :

તા.૧૪-૨-૧૬ ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે કલિકુંડ તીર્થના પરિસરમાં ધોળકા તાલુકાના ૭૦૦ શિક્ષકો માટેના વિશિષ્ટ પ્રવચનનું પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ની પાવન નિશ્રામાં આયોજન થયું. જેમાં પૂજ્ય આચાર્યશ્રી મહાબોધિસૂરિ મહારાજ સાહેબે 'સેવન સ્ટાર ટીચર' એ વિષય પર માર્મિક પ્રવચન કર્યું. પ્રવચનમાં વર્તમાન વિદ્યાર્થીઓની ૭ ખામીને ખૂબીમાં ફેરવવા શિક્ષકોની ૭ ખૂબીનું બખૂબીથી વર્ણન કર્યું. આ

પ્રસંગે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી **ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા** પધારેલ. તીર્થના ટ્રસ્ટીઓ વતી તેઓશ્રીનું સન્માન થયેલ. શિક્ષણમંત્રી તેમજ અન્ય કેટલાક અધિકારી શિક્ષકોએ મનનીય વક્તવ્ય આપેલ. પધારેલ સહુની ભોજન ભક્તિનો લાભ **ડૉ. નટુભાઈ ખોડીદાસ પરિવારે** લીધેલ. સહુને 'મા-બાપને ભૂલશો નહિ' પુસ્તક પ્રભાવના સ્વરૂપે અપાયેલ.

**બાકરોલ માળારોપણ :**

સુવિશાલ ગચ્છાધિપતિશ્રી પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ** કલિકુંડ તીર્થ મધ્યે **માતુશ્રી સવિતાબેન વહાલચંદ શેઠ પરિવાર** કારિત શાસનપ્રભાવક ઉપધાન તપની આરાધના કરાવ્યા બાદ મહા સુદ ૯ ના વિહાર કરી સુવર્ણસંધ્યા થઈ મહા સુદ ૧૦ ના બુધવારે સવારે સસ્વાગત બાકરોલ ભુવનભાનુ શાંતિધામ પધાર્યા. અત્રે પૂજ્ય ઉપાધ્યાયજી **વિમલસેનવિજયજી**ની પુનીત નિશ્રામાં ચાલતા ઉપધાન તપની આરાધનાની પૂર્ણાહૂતિ નિમિત્તક મહોત્સવ અંતર્ગત લઘુ શાંતિસ્નાત્ર જિનાલયમાં ભણાવાયું. બીજા દિવસે તા. ૧૮-૨-૧૬ ના સવારે આરાધકોની શોભાયાત્રાનો વરઘોડો નીકળ્યો. મહા સુદ ૧૨ ના સવારે ૩૫ આરાધકોની માળારોપણની વિધિ થઈ. ત્રણેદિવસ પરમાત્માને ભવ્ય અંગરચના તેમજ ત્રણ ટંકના સ્વામીવાત્સલ્ય થયા. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના દીક્ષાના ૬૪ મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે ૬૪ છોડનું ઉજમણું થયેલ.

**અમદાવાદ નગર પ્રવેશ :**

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજ સાહેબ** વિશાળ સમુદાય સાથે મહા સુદ ૧૩ શનિવાર તા. ૨૦-૨-૧૬ ના સવારે બાકરોલ હદથી અમદાવાદ નગર પ્રવેશ કરી મહિમાધામ પધાર્યા. આજના દિવસે પૂજ્યશ્રીનો ૩૩ મો આચાર્ય પદાર્પણ દિન હોઈ મુંબઈ-અમદાવાદના ગુરુભક્તો વંદનાર્થે પધારેલ. પૂજ્યશ્રીએ સહુને વાચના આપેલ. સાંજે પરમાત્માની ભવ્ય અંગરચના થયેલ.

**સેટેલાઈટ જૈન સંઘ :**

રવિવાર તા. ૨૧-૨-૧૬ ના સવારે પૂજ્યશ્રી મહિમા સંઘમાં પગલા પ્રવચન કરી સેટેલાઈટ સંઘમાં સસ્વાગત પધાર્યા. શ્રી સંઘે પૂજ્યશ્રીના ૩૩ મા આચાર્ય પદાર્પણ ઉત્સવ નિમિત્તે પૂજ્યશ્રીના ગુણાનુવાદનું આયોજન કરેલ. ત્યારબાદ પૂજ્ય આચાર્ય**શ્રી હેમચંદ્ર, જયસુંદર, મહાબોધિસૂરિ મહારાજ સાહેબે** અનુક્રમે પૂજ્યશ્રીના ગુણવૈભવ, બુદ્ધિવૈભવ અને જ્ઞાનવૈભવની સુંદર વાતો કરેલ.

આ પ્રસંગે વિવિધ સંગીતકારોએ ગુરુગુણ ગીતો ગાઈને સભાને ગુરુભક્તિમાં તરબોળ કરેલ. પૂજ્યશ્રીની રેડીયમ જ્યુબીલી નિમિત્તે નોટ, પેન અને એસ.એલ.પી. (સેલ્ફ લર્નીંગ પાઠશાળા)ની મોબાઈલ એપ્સનું લોંચીંગ થયેલ. શ્રી સંઘના વિવિધ ભાગ્યશાળીઓ તરફથી ૪૦ મોટા જીવોને અભયદાન અપાયેલ. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પધારેલ સહુની સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ.

**પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ ભગવંતશ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં પોષ વદ ૩૦ ના દિને કલિકુંડ ધોળકા મુકામે સંયમૈકલક્ષી આચાર્ય ભગવંતશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ૮૮ મા જન્મદિવસની ઉજવણી થઈ. સવારે ૧૦ થી ૧૧-૩૦ સુધી પૂજ્ય જયસુંદરસૂરિ મહારાજ, પૂજ્ય મહાબોધિસૂરિ મહારાજ, પૂજ્ય ભુવનસુંદર-ગુણસુંદર-પ્રશાંતવલ્લભ-માનજિત-દાનપ્રેમ વિજયજી આદિ મહાત્માઓએ પૂજ્ય આચાર્યશ્રીના ગુણમય જીવન પર સુંદર પ્રકાશ પાડેલ. શ્રોતાજનો પણ પૂજ્યશ્રીના જીવનથી ખૂબ પ્રભાવિત થયા. ત્યારબાદ પૂજ્યપાદશ્રીએ પણ હિતશિક્ષા સ્વરૂપે અદ્‌ભુત પ્રવચન ફરમાવેલ. પૂજ્યશ્રીની પ્રેરણાથી ચાલતી ભાયંદર-મુંબઈની ઉપાસના મંદિર-પાઠશાળામાંથી આવેલા બે બાળકોએ પૂજ્યશ્રીને અભિનંદન આપવા ૮૮ ભિન્ન-ભિન્ન રચનાઓવાળા ૮૮ અભિનંદન પત્રો પણ લાવેલ. જે પ્રદર્શનસ્વરૂપે પ્રવચન દરમ્યાન ગોઠવવામાં આવેલ. પ્રવચનની સમાપ્તિ બાદ પધારેલ ભાવિકોને ગુરુભક્તો તરફથી રૂા. ૧૧૦/-ની પ્રભાવના થયેલ. ત્યારબાદ પધારેલ સહુની સાધર્મિક ભક્તિ પણ થયેલ. જન્મદિન નિમિત્તે જીવદયા, સાધર્મિક ભક્તિ, વૈયાવચ્ચ ભક્તિ આદિ કાર્યો થયેલ. સાંજે કલિકુંડ પાર્શ્વનાથ દાદાની ભવ્ય અંગરચના થયેલ.**

**: શેષ-અશેષ :**

- ઉપધાન તપ દરમિયાન પૂજ્ય આચાર્ય**શ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પૂજ્ય આચાર્ય**શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પૂજ્ય આચાર્ય**શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)** આદિ ગુરુ ભગવંતો પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ના દર્શન-વંદનાર્થે પધાર્યા હતા.
- ઉપધાન તપના આરાધકોને અણાહારી દવાનું અમૂલ્ય માર્ગદર્શન પૂજ્ય પંન્યાસ**શ્રી દયાસિંધુ વિજયજી મહારાજે** આપેલ.
- 'પ્રભુને સાદ' ટાઈટલ હેઠળ પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ** રચિત ૨૧ સ્તુતિઓનું ગીત-સંગીત સાથે સમૂહગાન કરાવવામાં આવેલ.
- પોષ વદ ૬ ના પૂજ્ય આચાર્ય**શ્રી નવરત્નસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સ્વર્ગવાસ નિમિત્તે પ્રવચનમાં ગુણાનુવાદ થયેલ.
- પૂજ્ય મુનિ**શ્રી પ્રિયદર્શી વિજયજી મહારાજ**ના ભદ્રતપ નિમિત્તે વિવિધ ભાગ્યશાળીઓએ મૌન, દેવવંદન આદિના અભિગ્રહો લીધેલ.
- પૂજ્ય આચાર્ય**શ્રી જગચ્ચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના (ડહેલાવાળા) પ્રશિષ્ય પૂજ્ય મુનિ**શ્રી કુશલચંદ્રવિજયજી મહારાજ**ની વડી દીક્ષા પોષ વદ ૭ ના કલિકુંડ તીર્થમાં થયેલ.
- પોષ વદ ૮ના સવારે ઉપધાનતપની આરાધિકા **પ્રિયંકાકુમારી**ના મૃત્યુંજય તપની પૂર્ણાહુતિ નિમિત્તે લાભાર્થી પરિવારના રસોડે પૂજ્યોના પગલા થયેલ. તેમજ માંગલિક પ્રવચન થયેલ. એ જ દિવસે પ્રવચનમાં પૂજ્ય પંન્યાસ**શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મહારાજ** સંપાદિત 'પાસ કલિકુંડ મેરો મેરો'નું ઉદ્‌ઘાટન થયું.
- ઉપધાન દરમિયાન વિવિધ સમુદાયમાં દિક્ષિત થનારા મુમુક્ષોઓ પધારેલ. આયોજક પરિવારે સહુના બહુમાન કરેલ.
- મહા સુદ ૭ ના ભાલાપોળના આદીશ્વર જિનાલયની સાલગિરિ નિમિત્તે પૂજ્યોની પાવન નિશ્રામાં ધ્વજારોહણનો કાર્યક્રમ થયો. પધારેલ સહુની **ચલોડાવાળા મહેન્દ્રભાઈ** તરફથી સાધર્મિક ભક્તિ થઈ.
- દર બેસતા મહિને ભાલાપોળના જિનાલયે દર્શન-પૂજાર્થે પધારનારને ભાથાનો લાભ લેવાની સ્કીમ મૂકાતા ૩૬ ભાગ્યશાળીઓએ નામ નોંધાવ્યા.

**શ્રી સંઘમાન્ય જિનાજ્ઞા પંચાંગ**

**વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬**

**મહા-૩૦**

**૯ ફેબ્રુ. થી ૯ માર્ચ**

**• સુદ •** ૪ ક્ષય

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૧ | મંગળ | ૯ફે. |
| ૨ | બુધ | ૧૦ |
| ૩ | ગુરુ | ૧૧ |
| ૫ | શુક્ર | ૧૨ |
| **૬** | શનિ | ૧૩ |
| ૭ | રવિ | ૧૪ |
| ૮ | સોમ | ૧૫ |
| ૯ | મંગળ | ૧૬ |
| ૧૦ | બુધ | ૧૭ |
| ૧૧ | ગુરુ | ૧૮ |
| ૧૨ | શુક્ર | ૧૯ |
| ૧૩ | શનિ | ૨૦ |
| ૧૪ | રવિ | ૨૧ |
| ૧૫ | સોમ | ૨૨ |

સુદ-૩/૪, ગુરુ: પૂ. આ. શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા. સ્વર્ગતિથિ
સુદ-૧૩, શનિ : પૂ.ગચ્છા. શ્રી જયઘોષ સૂ.નો ૩૩મો આચાર્ય પદવી દિન

---

**રોહિણી :** સુદ-૯, મંગળ
**પુષ્ય :**
તા.૧૯ ફેબ્રુ., ૨૭.૦૦ થી
તા.૨૦ ફેબ્રુ., ૨૮.૦૧
**વિંછૂડો :**
તા.૨૯ ફેબ્રુ., ૧૭.૩૯ થી
તા.૨ માર્ચ, ૨૮.૨૧
**પંચક :**
તા.૯ ફેબ્રુ., ૦૪.૧૩ થી
તા.૧૩ ફેબ્રુ., ૦૭.૧૪
**કુંભ ચક્ર :**
તા.૧૩ ફેબ્રુ., ૦૯.૧૪ થી
તા.૨૧ ફેબ્રુ., ૨૯.૨૯ તથા
તા.૨ માર્ચ, ૨૮.૨૧ થી
તા.૮ માર્ચ, ૨૩.૩૬ સુધી

શુભ દિન

**• વદ •** ૪ વૃદ્ધિ

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૧ | મંગળ | ૨૩ |
| ૨ | બુધ | ૨૪ |
| **૩** | ગુરુ | ૨૫ |
| ૪ | શુક્ર | ૨૬ |
| ૪ | શનિ | ૨૭ |
| **૫** | રવિ | ૨૮ |
| ૬ | સોમ | ૨૯ |
| ૭ | મંગળ | ૧મા. |
| ૮ | બુધ | ૨ |
| **૯** | ગુરુ | ૩ |
| ૧૦ | શુક્ર | ૪ |
| **૧૧** | શનિ | ૫ |
| **૧૨** | રવિ | ૬ |
| **૧૩** | સોમ | ૭ |
| ૧૪ | મંગળ | ૮ |
| ૩૦ | બુધ | ૯ |

# સમાચાર દર્પણ

## સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં થયેલ શાસન પ્રભાવનાના અનુમોદનીય સમાચાર

**પંચાહ્નિકા મહોત્સવ :**

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરિ મહારાજ સાહેબ**ની શુભનિશ્રામાં કલિકુંડ તીર્થે **માતુશ્રી સવિતાબેન વહાલચંદ છગનલાલ શેઠ પરિવાર** આયોજિત ઉપધાન તપની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ થઈ. પરમાત્માની ભક્તિ સ્વરૂપ પંચાહ્નિકા મહોત્સવનો પોષ વદ ૯ મંગળવાર તા. ૨-૨-૧૬થી પ્રારંભ થયો. પ્રથમ દિવસે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ જિનાલયમાં નમસ્કાર મહામંત્રનું પૂજન થયું. બીજા દિવસે શ્રી કલિકુંડ પાર્શ્વનાથ પૂજન ભણાવાયું. બપોરે બહેનોની સાંજી ભણાવાઈ. સાંજે પ્રથમ ઉપધાનના ૧૮૫ આરાધકોનું બહુમાન થયું. દરેક તપસ્વીનું ૭ ગ્રામ સુવર્ણની ચેનથી બહુમાન થયું. તા.૪-૨-૧૬ના સવારે ૯-૦૦ કલાકે માળારોપણના ચડાવા થયા. પ્રથમમાળનો ચડાવો લાભાર્થી પરીવારના વેવાઈ **કિરીટભાઈ મોરખીયા પરિવારે** ખૂબ મોટી બોલી બોલીને લીધેલ. ત્યારબાદ બીજો ચડાવો લાભાર્થી પરિવારે લીધેલ. અનુક્રમે ચાલીસ ચડાવા ઉછામણીથી બોલાયા. ત્યારબાદ બાકીની માળ નકરાથી અપાયેલ. બપોરે ૩-૦૦ કલાકે ૧૮૫ તપસ્વીઓની શોભાયાત્રા નીકળેલ. જેમાં ૨૫ બગી, ૧૫ રાજહંસ જીપ, વિવિધ બેંડ મંડળીઓ અને નૃત્ય મંડળીઓનું નયનરમ્ય આકર્ષણ હતું. ઈન્દ્રધ્વજ, પરમાત્માનો રથ, શ્રમણ ભગવંતો, શ્રમણી ભગવંતોની ઉપસ્થિતિ આ શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. તીર્થના પરિસરથી નીકળીને અટલ સરોવર-ભાલાપોળ થઈ શોભાયાત્રા પરત ફરી હતી. ધાનેરા, સુરત, નવસારી, મુંબઈ, અમદાવાદથી આ પ્રસંગે ૩૦૦૦થી વધુ ભાવુકો પધારેલ. સાંજે ૯-૦૦ કલાકે આયોજક પરિવારનો વિવિધ સંસ્થા અને ભાગ્યશાળીઓ દ્વારા બહુમાનનો કાર્યક્રમ થયો.

**માળારોપણ :**

પોષ વદ બારસ, શુક્રવાર તા.૫-૨-૧૬ના પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**, પૂજ્ય **આચાર્યશ્રી જગચ્ચંદ્ર-જયસુંદર-મહાબોધિ સૂરિ મહારાજ સાહેબ** આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદની પાવન નિશ્રામાં સવારે ૯-૦૦ કલાકે માળારોપણ વિધિનો પ્રારંભ થયો. પ્રથમ માળ **કિરીટભાઈ મોરખીયા,** દ્વિતીય માળ લાભાર્થી પરિવારના વડિલબંધુ **પ્રવિણભાઈ** અને ત્રીજી માળ **શૈલેષભાઈ શેઠ**ને પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી** તેમજ **કુમારપાળ વિ. શાહ**ના હસ્તે પહેરાવી. ત્યારબાદ ક્રમશઃ તમામ તપસ્વીઓનું ખૂબ જ શિસ્તપૂર્વક માળા પરિધાપન થયું.

આ પ્રસંગે લાભાર્થી પરિવારે તન મન ધનથી ઉપધાનતપમાં સહાયક બનેલ શ્રી કલિકુંડ તીર્થ પેઢીનો આભાર માનેલ તેમજ પાંચ લાખ

**(અનુસંધાન પાના નં. ૬૬ ઉપર)**

# તારક જિનાજ્ઞા

- इन्द्रायुधमिव स्वप्नसाम्राज्यमिव वाऽस्थिरम् ।
  भवं विभाव्य धीमन्तो, धर्म दधति शाश्वतम् ॥

  આ સંસાર ઈન્દ્રધનુષ્યની જેમ અથવા સ્વપ્નમાં મેળવેલ સામ્રાજ્યની જેમ અત્યંત અસ્થિર છે આવુ જાણીને બુદ્ધિશાળી પુરુષો શાશ્વત એવા ધર્મને ધારણ કરે છે. **(વિવેકમંજરી પૃ.૪૫૧-શ્લો.૨૨૪)**

- जियरागदोसमोहेहिं, भासियं जमिह जिणवरिंदेहिं ।
  तं चेव होइ तत्तं, इय बुद्धि होइ सम्मत्तं ॥

  'રાગ, દ્વેષ અને અજ્ઞાનને જેમણે જીતી લીધા છે એવા જિનેશ્વર ભગવંતની વાણી જ તત્ત્વભૂત છે' એવો ચિત્તનો અભિપ્રાય સમ્યક્ત્વરૂપ છે. **(સમ્યક્ત્વરહસ્ય પ્રકરણ-૫)**

- ता भो भव्वा तुब्भै वि, वीरजिणरायसासणाउ इमं ।
  निहिमिव धम्मं लहिउं, दोगच्चं दलह अचिरेण ॥

  હે ભવ્ય જીવો ! તમે શ્રી જિનેશ્વર દેવના શાસનમાંથી અપૂર્વ નિધિ સમાન આ ધર્મને પ્રાપ્ત કરીને, આજ્ઞા મુજબ તેની આરાધના કરીને, અલ્પ સમયમાં જ દુર્ગતિને દળનારા બનો. **(ધર્મવિધિ પ્રકરણ-૪૯)**

- तिन्नि सया तेसट्ठा, पासंडीणं परुप्परविरुद्धा ।
  न य दूसंति अहिंसं तं, गिण्हह जत्थ सा सयला ॥

  પરસ્પર વિરુદ્ધ એવા પણ ૩૬૩ પાખંડીઓ અહિંસાને દૂષિત કરતા નથી. માટે જ્યાં સકલ અહિંસા છે, તેનું ગ્રહણ કરો. **(નાના ચિત્ત પ્રકરણ-૨૮)**



### ભુવનભાનુનાં અજવાળાં

**ઊંચા આર્ય માનવ અવતારે સર્વજીવ પ્રત્યે મૈત્રી-સ્નેહનો અભ્યાસ નહીં કરું તો પછી અનાથી સારો બીજો કયો અવતાર મળવાનો છે કે ત્યાં આ કરી શકીશ ? ક્ષમાની કમાઈ ક્રોધના બજારમાં થાય છે !**

સૌજન્ય

**સમાજ ભુષણ શ્રી બાબુભાઈ પી. સંઘવી**
**કે. પી. સંઘવી - સુરત/માલગામ, મુંબઈ**

### જિનશાસનનો જયઘોષ

**ગુણ વધે તો સત્ત્વ વધે,**
**દોષ વધે તો સત્ત્વ ઘટે.**

સૌજન્ય

**સમાજ ભુષણ શ્રી બાબુભાઈ પી. સંઘવી**
**કે. પી. સંઘવી - સુરત/માલગામ, મુંબઈ**



FROM :

**તારક જિનાજ્ઞા**

C/o. દિવ્ય દર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા. જિ. અમદાવાદ.
PIN : 382225. (ગુજરાત)


BOOK-POST

TO,


**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : દિવ્ય દર્શન ટ્રસ્ટ-કુમારપાળ વિ. શાહ**-૩૯, કલિકુંડ સોસાયટી, **કલિકુંડ, ધોળકા.** જિ. અમદાવાદ. PIN : 382225.
**મુદ્રણ સ્થાન :** બ્રિજેશ પ્રિન્ટીંગ પ્રેસ - એસ.ટી.સ્ટેન્ડ પાસે, મલાવ રોડ, ધોળકા. જિ. અમદાવાદ.